" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 36 | AD - 2025, Kartak Vad -5 | Sunday, Dt.09-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## પીએમ મોદીએ સીતામઢીમાં રેલી યોજી, બિહારના યુવાનોએ વિકાસ પસંદ કર્યો હોવાનું જણાવ્યું

# જંગલ રાજ સમર્થકોને પ્રથમ તબક્કામાં ૬૫ વોલ્ટનો આંચકો લાગ્યો : મોદી

(એચ.એસ.એલ),પટણા,તા.૮

૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. આ જ કારણ છે કે વડાપ્રધાન મોદી સતત બિહારમાં રહ્યા છે અને વિશાળ ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે. શનિવારે (૮ ઓક્ટોબર), તેઓ બિહારના સીતામઢીમાં હતા, જ્યાં તેમણે એક ચૂંટણી રેલીને સંબોધિત કરી. તેમણે મહાગઠબંધન પર નિશાન સાધ્યું અને એનડીએ માટે જીતનો દાવો કર્યો. તેમણે પ્રથમ તબક્કામાં રેકોર્ડ મતદાન માટે બિહારના લોકોનો આભાર પણ માન્યો. તેમણે કહ્યું કે માતા સીતાના આશીર્વાદથી બિહારનો વિકાસ થશે.

પીએમ મોદીએ કહ્યું, બિહારે મતદાનના પહેલા તબક્કામાં અજાયબીઓ કરી છે. જંગલ રાજ સમર્થકોને પ્રથમ તબક્કામાં ૬૫ વોલ્ટનો આંચકો મળ્યો છે. દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે કે બિહારના યુવાનોએ વિકાસ પસંદ કર્યો છે, એનડીએ પસંદ કર્યું છે. બિહારની બહેનો અને દીકરીઓએ પણ એનડીએ માટે રેકોર્ડ વિજય સુનિશ્ચિત કર્યો છે.

કોંગ્રેસ અને આરજેડીના નેતૃત્વવાળા ગઠબંધન પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું, આરજેડી બિહારના બાળકો સાથે શું કરવા માંગે છે તે તેમના સૂત્રોમાં સ્પષ્ટ દેખાય છે. આરજેડી પ્લેટફોર્મ સ્પષ્ટપણે કહી રહ્યા છે કે તેઓ ગેંગસ્ટર બનવા માંગે છે. મને કહો, શું બિહારનો બાળક ગેંગસ્ટર બનશે કે ડૉક્ટર? શું આપણે તેમને ગેંગસ્ટર બનાવનારાઓને જીતવા દઈશું?



બિહારનો બાળક ગેંગસ્ટર ન બની શકે; તેઓ ડૉક્ટર, એન્જિનિયર, કોર્ટમાં ન્યાયાધીશ બનશે. 'હાથ ઉપર' કહેનારાઓ માટે બિહારમાં કોઈ સ્થાન નથી; સ્ટાર્ટ-અપ્સ માટે જગ્યા હશે. અમે બાળકોને પુસ્તકો, કમ્પ્યુટર અને લેપટોપ આપી રહ્યા છીએ. જેથી આપણા બાળકો રમતગમતમાં શ્રેષ્ઠ બની શકે, અમે તેમને બેટ, હોકી સ્ટીક અને અન્ય સાધનો આપી રહ્યા છીએ. તેઓ લાકડીઓ, ફૂટબોલ અને વોલીબોલ આપી રહ્યા છે. જંગલ રાજ એટલે બંદૂકો, ક્રૂરતા, કડવાશ, ખરાબ રીતભાત અને ભ્રષ્ટાચાર. આ ખરાબ રીતભાતથી ભરેલા લોકો છે; તેઓ ખરાબ શાસન ઈચ્છે છે.

પીએમ મોદીએ કહ્યું, ×એક તરફ, એનડીએ સરકાર તેના તીર્થસ્થાનોનો વિકાસ કરી રહી છે. બીજી તરફ, કોંગ્રેસ અને રાજદ આપણી શ્રદ્ધાનું અપમાન કરી રહ્યા છે. તમે કોંગ્રેસના નેતાઓએ છઠ પૂજા વિશે શું કહ્યું તે સાંભળ્યું હશે. છઠ મહાપર્વ એ બિહારમાં આપણી માતાઓ અને બહેનોની તપસ્યાનો એક ભવ્ય તહેવાર છે, અને કોંગ્રેસના નેતાઓ કહે છે કે આ છઠ મહાપર્વ એક નાટક છે, એક યુક્તિ છે. આ આપણી માતાઓ અને બહેનો, છઠી મૈયા, પરંપરા, વારસો અને સંસ્કૃતિનું અપમાન છે. જે લોકો આવું અપમાન કરે છે તેમને સજા થવી જોઈએ.

પીએમ મોદીએ સીતામઢીમાં કહ્યું કે, મતદાનના પહેલા તબક્કામાં આરજેડી અને કોંગ્રેસને ૬૫ વોલ્ટનો આંચકો લાગ્યો છે. તેમણે કહ્યું કે બિહારના લોકોએ વિકાસ પસંદ કર્યો છે. બિહાર શક્તિશાળી સરકાર ઈચ્છે છે. તેથી જ તેમણે ફરી એકવાર એનડીએને પસંદ કર્યું છે. પીએમએ કહ્યું, બિહારે મતદાનના પહેલા તબક્કામાં અજાયબીઓ કરી છે. પહેલા તબક્કામાં જંગલ રાજના લોકોને ૬૫ વોલ્ટનો આંચકો લાગ્યો છે. દરેક જગ્યાએ ચર્ચા છે કે બિહારના યુવાનોએ વિકાસ પસંદ કર્યો છે, એનડીએ પસંદ કર્યું છે.

# જમ્મુ-કાશ્મીરના કુપવાડા જિલ્લામાં બે આતંકીઓને ઠાર મારવામાં આવ્યા

શ્રીનગર,તા.૦૮



શનિવારે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. નિયંત્રણ રેખા (LoC) પારથી ઘૂસણખોરીના પ્રયાસની ગુપ્ત માહિતી મળ્યા બાદ ભારતીય સેનાએ શુક્રવારે આતંકવાદીઓ સામે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારતીય સેનાના એક યુનિટ ચિનાર કોર્પ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ વળતો ગોળીબાર કર્યો હતો, જેમાં આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. ઓપરેશન ચાલુ છે. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. આ પહેલા ૫ નવેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ચતરૂ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આતંકવાદીઓના ગોળીબારમાં એક સૈનિક ઘાયલ થયો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જમ્મુ અને કાશ્મીર પોલીસે સેનાના સમર્થનથી આતંકવાદીઓ સામે સંયુક્ત કાર્યવાહી શરૂ કરી હતી.

# પીએમ મોદીએ વારાણસીથી ચાર વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી

વારાણસી,તા.૦૮



PM મોદીએ વારાણસીથી ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. તેમણે કહ્યું, "હવે વિદેશી પ્રવાસીઓ પણ વંદે ભારત જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. વંદે ભારત એ ભારતીયોની, ભારતીયો દ્વારા અને ભારતીયો માટે બનાવેલી ટ્રેન છે. શું આપણે આ પહેલાં કરી શક્યા હોત? આ બધું વિદેશમાં કરવામાં આવતું હતું. હવે આપણે એ કરી રહ્યા છીએ; એ અહીં બનાવવામાં આવી રહી છે." PMએ "નમ: પાર્વતી પતયે"થી પોતાના ભાષણની શરૂઆત કરી. લગભગ ૧૮ મિનિટ આ સંબોધન ચાલ્યું. મોદી ટ્રેનમાં શાળાના વિદ્યાર્થીઓને પણ મળ્યા. તેમણે બાળકો સાથે વાતચીત કરી. વાતચીત દરમિયાન, એક બાળકે મોદીને એક કવિતા સંભળાવી. મોદીએ બાળકના ખભા પર હાથ મૂકીને કવિતા સાંભળી. બાળકનો ઉત્સાહ વધારવા માટે મોદી ચપટી વગાડતા રહ્યા હતા. પીએમ દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલી ટ્રેનો વારાણસી અને ખજૂરાહો, ફિરોઝપુર અને દિલ્હી, એર્નાકુલમ તથા બેંગલુરુ, લખનઉ અને સહારનપુર વચ્ચે દોડશે. વારાણસીને આ આઠમી વંદે ભારત ટ્રેન મળી છે. PM મોદીએ કહ્યું, હવે વિદેશી પ્રવાસીઓ પણ વંદે ભારતને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આ યાત્રાઓ ફક્ત દેવતાઓનાં દર્શનનો માર્ગ નથી, પરંતુ ભારતના આત્માને જોડતી એક પવિત્ર પરંપરા છે.

# ભારતને તેજસ માર્ક-1A માટે ૧૧૩ એન્જિન આપશે અમેરિકા, કરાર પર હસ્તાક્ષર

ન્યુ દિલ્હી,તા.૦૮




હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) એ શુક્રવારે અમેરિકા સ્થિત જનરલ ઈલેક્ટ્રિક (GE) સાથે ભારતને ૧૧૩ જેટ એન્જિન અને સપોર્ટ પેકેજો પૂરા પાડવા માટે $૧ બિલિયન (આશરે રૂ.૮,૮૭૦ કરોડ) ના સોદા પર હસ્તાક્ષર કર્યા. HAL એ X પરની એક પોસ્ટમાં આ કરારની જાહેરાત કરી. કંપનીએ જણાવ્યું હતું કે આ એન્જિન ૯૭ માર્ક-૧A હળવા લડાયક વિમાન (તેજસ ફાઈટર જેટ) માં સ્થાપિત કરવામાં આવશે. આ એન્જિન ૨૦૨૭ અને ૨૦૩૨ ની વચ્ચે ડિલિવર કરવામાં આવશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે ૨૫ સપ્ટેમ્બરના રોજ HAL સાથે રૂ.૬૨,૩૭૦ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા, જે હેઠળ HAL ભારતીય વાયુસેના માટે ૯૭ LCA તેજસ માર્ક-1A ફાઈટર એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે.

**HAL અને યુએસ કંપની વચ્ચે રૂ.૮,૮૭૦ કરોડનો કરાર; ૨૦૨૭ અને ૨૦૩૨ની વચ્ચે થશે ડિલિવરી**


















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૯-૧૧-૨૦૨૫

# બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સભ્યો શીતલ કૂલ પ્રોડક્ટ્સ કંપનીની મુલાકાતે

અમરેલી,તા.૦૮



બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર-અમરેલી દ્વારા ૨૪ ઓક્ટોબર ૨૦૨૫થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી બિલિયન મિનિટ્સ ઓફ પીસ અપીલ પ્રોજેક્ટ (શાંતિપૂર્ણ વિશ્વ માટે બ્રહ્માકુમારીઝની વૈશ્વિક પહેલ) અંતર્ગત દુનિયામાં હાલના સમયમાં તણાવ, દુઃખ અને અશાંતિભર્યા સંસારમાં વિશ્વ શાંતિ ફેલાવવાના આશયથી અમરેલીની શીતલ કૂલ પ્રોડક્ટ્સ કંપનીની આજે મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન, સેવા કેન્દ્રના સભ્યો એ કંપનીના કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો. જેમાં સૌને સ્વયં શાંતિનો અનુભવ કરવા અને આવનારા ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ ના વર્લ્ડ મેડિટેશન ડે સુધી રોજ વિશ્વ શાંતિ માટે થોડો સમય ફાળવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. શાંતિપૂર્ણ જીવન જીવવા માટે પૂ. બ્રહ્માકુમારી ગીતાદીદી દ્વારા પ્રવચન આપવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન શીતલ કૂલ પ્રોડક્ટ્સ લિમિટેડના ડાયરેક્ટર દિનેશભાઈ ભુવા તથા કંપનીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારીઝ પરિવારમાંથી **BK** તૃપ્તિદીદી, **BK** કંચનદીદી, **BK** દીપકભાઈ પટેલ અને **BK** બિમલભાઈ શેઠ પણ જોડાયા હતા.

**બ્રહ્માકુમારીઝ પરિવારમાંથી BK તૃપ્તિદીદી, BK કંચનદીદી, BK દીપકભાઈ પટેલ અને BK બિમલભાઈ શેઠ જોડાયા**

# અમરેલી જિલ્લા સહકારી સંઘ ખાતે વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૦૮



દેશના રાષ્ટ્રગીત વંદે માતરમ્ ના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા અમરેલી જિલ્લા સહકારી સંઘ ખાતે તેનું ગાન અને સ્વદેશી સંકલ્પ પત્રનું વાંચન ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી, સહકારી અગ્રણીઓ અને યુવાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. યુવા નેતા મનીષ સંઘાણીએ વંદે માતરમ્ ગીત અંગે વિશેષ માહિતી આપી હતી.

# ધારી શહેરના કેટલાક વિસ્તારમાં પાલિકાના પાપે પાણીની અછત

ધારી,તા.૦૮



ધારી શહેરના કેટલાક વિસ્તારમાં નગરપાલિકાની બેદરકારીના કારણે પાણીની અછત ઊભી થઇ છે. જૂની કચેરી રોડ પર નગરપાલિકાનો પાણીનો ટાંકો આવેલ છે, તેમાંથી પાણી છલકાય છે, સવારથી સાંજ સુધી કે એનાથી પણ વધારે પાણીનો વેડફાટ થાય છે. આ અંગે સ્થાનિકોની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતુ કે, આ ટાંકો છ મહિનાથી છલકાય છે અને રોજ પાણીનો બગાડ થઈ રહ્યો છે. લોકોના ટેક્ષથી જે વીજળી બિલ ભરવામાં આવે છે એનો પણ બગાડ નગરપાલિકાના લીધે થઈ રહ્યો છે.

# સરકારના રાહત પેકેજને મશ્કરીરૂપ ગણાવી ભાજપ નેતાએ રાજીનામુ ધરી દીધું

**ખેત જણસ પાછળ મોટો ખર્ચ થયો છે, સરકારે ફેર વિચારણા કરવી જોઈએ : ચેતન માલાણી**

સાવરકુંડલા,તા.૦૮



સાવરકુંડલાના ભાજપ નેતા ચેતન માલાણીએ રાજીનામું આપ્યું છે. તેમણે સરકાર દ્વારા જાહેર કરાયેલા દસ હજાર કરોડના સહાય પેકેજને ખેડૂતોની મશ્કરી સમાન ગણાવ્યું છે. ચેતન માલાણી સાવરકુંડલા ભાજપના પૂર્વ મહામંત્રી અને **APMC**ના ડિરેક્ટર છે. તેમણે સરકાર પર ખેડૂતો સાથે અન્યાય કરવાનો આરોપ લગાવ્યો છે. ચેતન માલાણીએ જણાવ્યું કે સરકારે ખેડૂતોને હજુ વધુ સહાય આપવા અંગે વિચારવું જોઈએ. તેમના મતે, સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું છે, પરંતુ ખેડૂતોને કપાસ, મગફળી, ડુંગળી, સોયાબીન અને અન્ય ખેત જણસોના વાવેતર પાછળ મોટો ખર્ચ થયો છે. વાવેતર માટે મજૂરીનો ખર્ચ પણ લાગે છે. તેમણે સરકારને આ મુદ્દે ફરીથી વિચારણા કરીને ખેડૂતોને પૂરતી સહાય મળે તેવી માંગ કરી છે.

# ધારીમાં અજંતા સોસાયટીની નજીક માનવ કંકાલ મળી આવતા ખળભળાટ

ધારી,તા.૦૮



ધારીની અજંતા સોસાયટી નજીક આવેલી વાઘાપરા પ્રાથમિક શાળા ખાતેથી એક માનવ કંકાલ મળી આવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ ધારી પોલીસ વિભાગનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. કંકાલ કોનું છે અને તે ક્યાંથી આવ્યું તે દિશામાં પોલીસે વિસ્તૃત તપાસ શરૂ કરી છે. પોલીસે આ અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેલ મહાકુંભમાં સાવરકુંડલાની જાબાળ પ્રાથમિક શાળાની અન્ડર-૧૪ બહેનો ખો-ખો સ્પર્ધામાં દ્વિતીય નંબરે વિજેતા

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત સાવરકુંડલા તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં જાબાળ પ્રાથમિક શાળાની અન્ડર-૧૪ બહેનોની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને દ્વિતીય (બીજા) નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તાલુકા કક્ષાએ વિજેતા બનેલી આ ૧૨ બહેનોની ટીમ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સાવરકુંડલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરવા માટે જશે. તેમની આ સિદ્ધિ બદલ વિજેતા બનેલી ટીમના દરેક ખેલાડીને રોકડ પુરસ્કાર રૂપે રૂ. ૭૫૦/- મળવાપાત્ર થશે. જાબાળ પ્રાથમિક શાળાના પરિવારે તમામ ૧૨ વિજેતા વિદ્યાર્થિનીઓને તેમની સફળતા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે અને જિલ્લા કક્ષાએ પણ આવી જ સફળતા મેળવીને આગળ વધે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

**બગસરા ડેપો દ્વારા તો બસ ચાલુ ન થઈ પરંતુ ભુજ ડેપોએ ચાલુ કરી**

# સોમવારથી ભુજ-ધારી વાયા બગસરા એસી સીટર બસ શરૂ કરાશે

**મુસાફરોને રાજકોટ જવા માટે છેલ્લી બસ મળી રહેશે, મોરબીની સીધી બસ સેવાનો લાભ મળશે**

બગસરા,તા.૦૮

ભુજ ડિવિઝન દ્વારા તા.૧૦ને સોમવારથી ભુજ-ધારી વાયા બગસરા એસી સીટર બસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જેથી મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. બગસરાથી ભુજ બસ શરૂ કરવા માટે સામાજિક સંસ્થાઓ અને પેસેન્જર એસો. દ્વારા ધારાસભ્ય સહિત એસ.ટી.ના અધિકારીઓને વારંવાર રજૂઆત કરી હતી પરંતુ સ્ટાફની ઘટનું કારણ દર્શાવી બગસરાને ભુજ સુધીની બસ મળે તેવા કોઈ પ્રયત્ન કરવામાં આવ્યા નહોતા. મુસાફરોની માંગને ધ્યાને રાખી ભુજ ડિવિઝન દ્વારા ભુજ-ધારી વાયા બગસરા બસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ બસ સોમવારે ભુજથી રાત્રિના ૯ કલાકે ઉપડશે જે મોરબી, રાજકોટ, ગોંડલ, કુંકાવાવ, બગસરા થઈને સવારે ૬:૪૦એ ધારી પહોંચશે અને ધારીથી સાંજના ૭ કલાકે ઉપડશે જે બગસરા રાત્રિના ૮ કલાકે આવશે અને આજ રૂટ પર થઈ સવારે ૫:૪૫ વાગ્યે ભુજ પહોંચશે. એસી ટુ સીટરનું ભાડુ ભુજથી ધારીનું સંભવત રૂ.૭૩૪ રહેશે. આ બસ શરૂ થતા મુસાફરોને કચ્છમાં આવેલા માતાના મઢ, કોટેશ્વર, નારાયણ સરોવરના દર્શનનો લાભ પણ મળશે. ભુજ જવા માટે નવી બસ શરૂ થતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

**એસીના બદલે સ્લીપર બસ શરૂ કરવા મુસાફરોની માંગ**

ભુજ ડિવિઝન દ્વારા ભુજ-ધારી બસ એસી સીટર શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. જેમાં ધારી સુધીના સંભવત ટિકીટ દર રૂા.૭૩૪ રાખવામાં આવ્યો છે. આ બસમાં મુસાફરી ભાડુ વધારે હોવાથી મુસાફરોને રાહત થાય તે માટે ભુજ ડિવિઝન દ્વારા સ્લીપર બસ શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# સાવરકુંડલા શહેરમાં જેસર રોડ ક્ષતિગ્રસ્ત થતા અકસ્માતનો ભય

**વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી ન થતા લોકોમાં રોષ**

સાવરકુંડલા,તા.૦૮



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા શહેરનો જેસર રોડ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો છે. રોડની સપાટી સંપૂર્ણ તૂટી જવાથી નીચેના સળિયા દેખાઈ રહ્યા છે, જેના કારણે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ મુખ્ય માર્ગ પર દરરોજ હજારો વાહનો અને લોકોની અવરજવર રહે છે. ખાસ કરીને રાત્રિના સમયે તૂટેલો રોડ વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. સ્થાનિકોની વારંવારની ફરિયાદો છતાં તંત્ર દ્વારા આ અત્યંત જોખમી માર્ગના સમારકામ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

# ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા દલખાણીયા ખાતે નવું ૧૧ KV પાણીયા AG ફિડર શરૂ કરાયું

ધારી,તા.૦૮



ધારી તાલુકાના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને નિયમિત વીજ પુરવઠો મળી રહે તે હેતુથી દલખાણીયા ગામમાં મહત્ત્વનું કાર્ય કરવામાં આવ્યું હતું. દલખાણીયા સ્થિત ૬૬ **KV** સબસ્ટેશનમાંથી નીકળતા શેમરડી ૧૧ **KV** ખેતીવાડી ફિડર પરના લોડિંગની સમસ્યાને દૂર કરવા માટે તેનું બાયફગેશન કરીને નવું ૧૧ **KV** પાણીયા **AG** ખેતીવાડી ફિડર ધારીના ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદ હસ્તે ચાલુ કરવામાં આવ્યું હતું.

આ નવા ફિડરના શરૂ થવાથી શેમરડી ફિડર પરનો વીજ ભાર ઘટશે, જેના પરિણામે બંને ફિડર પરના ખેડૂતોને નિયમિત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી શકશે.

આ પ્રસંગે ધારી તાલુકા પંચાયત અને ભાજપના આગેવાનો, હોદ્દેદારો, ધારી પીજીવીસીએલના નાયબ એન્જિનિયર કે.એસ. વાળા તેમજ અન્ય મહાનુભાવો અને દલખાણીયા ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.









**'એકવાર ઘા કરી જ લેવાનો, ઈ છૂટે એમ આપણે પણ છૂટી જઈશું' : અલ્પેશ કથીરીયા**

# બાબરાના ફુલઝર ગામે થયેલી બબાલના પડઘા સુરતમાં પડ્યા

અમરેલી,તા.૦૮

બાબરા તાલુકાના ફુલઝર ગામમાં ૫ નવેમ્બરની મોડી રાત્રે લગ્નના ફુલેકામાં ઘોડીને ટ્રેક્ટર અડી જવાથી થયેલી બબાલમાં એક વ્યક્તિની હત્યા થઈ હતી અને ૧૦ લોકોને ઈજા પહોંચી હતી. આ ઘટનામાં બંને પક્ષે ૫૦થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે, જેમાં ૨૯ પાટીદારો સામે નામજોગ ફરિયાદ થઈ છે. ફરિયાદમાં બે એવા વ્યક્તિના નામ છે જેમાંથી એક હોટલમાં અને એક હોસ્પિટલમાં દાખલ હતા. આ હિંસક જૂથ અથડામણના ગંભીર પડઘા હવે સુરતમાં પડ્યા છે. ફુલઝર ગામમાં પાટીદારો પર અસામાજિક તત્વો દ્વારા કરાયેલા હિંસક હુમલા અને ત્યારબાદ ખોટી રીતે કેસ કરાયાના આક્ષેપોને લઈને સુરતના પાટીદારોએ એક વિશાળ અને મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં પાટીદારો સામે લાગેલી ૩૦૭ની કલમ દૂર નહીં કરવામાં આવે તો સુરતથી ફુલઝર જવાની પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. બેઠકમાં હાજર અલ્પેશ કથીરીયાએ સંબોધન કરતા કહ્યું કે, "એકવાર ઘા કરી જ લેવાનો ઈ છૂટે એમ આપણે પણ છૂટી જઈશું."



તેમણે પરિસ્થિતિ સુધારવા માટે દર મહિને ગામની કમિટીની રચના કરી, ૧૦-૧૦ યુવાનોએ ગામડે જવાની વાત કરી અને કોઈ સંગઠન નહીં પણ ગામનું પોતાનું સંગઠન બનાવવાની હિમાયત કરી હતી. સમગ્ર ગુજરાતમાં ૧૮,૦૦૦ ગામડાં છે, એમાં સૌરાષ્ટ્રનાં ૧૦,૦૦૦થી વધુ ગામ છે. એમાંથી ૨૦૦-૫૦૦ ગામને બાદ કરો તો બધે આવી જ પરિસ્થિતિ છે. વિજય માંગુકિયાએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લાના ફૂલઝર ગામની અંદર જે ઘટના બની છે એ સીસીટીવીમાં કેદ થઈ છે, પરંતુ સાચી હકીકત એવી છે કે જે રમેશભાઈ લાખાભાઈ લુણાગરિયા, જેમનું આ ઘટના દરમિયાન સુરતની અંદર ઓપરેશન ચાલુ હતું અને નરેશભાઈ કચરાભાઈ લુણાગરિયા આ ઘટનાના પૂર્વે એક દિવસ સુરતની અંદર લગ્નપ્રસંગે આવ્યા હતા, મુકેશભાઈ ધીરુભાઈ ગજેરા અને ભોળાભાઈ કુંવરજીભાઈ સાકરિયા પોતાના ગામની અંદર પોતાના ખેતરમાં કામ કરતા હતા. આવા ચાર લોકો પર ખોટી ફરિયાદ કરવામાં આવી છે અને ૨૯ લોકો પર જે તીક્ષ્ણ હથિયાર દ્વારા જે નામજોગ ફરિયાદ કરવામાં આવી છે, જે ૩૦૭ની ગંભીર કલમ લગાવવામાં આવી છે, એ તદ્દન ખોટી છે, પાયાવિહોણી છે. કોના ઈશારા ઉપર આ ફરિયાદ નોંધાય છે એ અમે ઉચ્ચ લેવલે રજૂઆત કરીશું.

# બાબરામાં તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેતી બચાવ સત્યાગ્રહ આંદોલન કરી દેવા માફીની માંગ કરી

બાબરા, તા.૦૮

બાબરામાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ખેતી નિષ્ફળ ગઈ છે. મગફળી, કપાસ, સોયાબીન સહિતના પાક નિષ્ફળ જતા ખેડૂતો દેવાના ડુંગર હેઠળ દબાઈ જતા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતો સહકાર આપવામાં આવે અને ખેડૂતોનું દેવું માફ કરવામાં આવે તેવી માંગ સાથે કોંગ્રેસ દ્વારા ખેતી બચાવો સત્યાગ્રહ આંદોલન કરવામાં આવી રહ્યું છે. બાબરામાં બપોરે ૨ થી ૫ અહીં દરેડ રોડ પર કોંગ્રેસના જિલ્લા પ્રમુખ



પ્રતાપભાઈ દુધાત, રાજ્યના પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જેનીબેન ઠુંમર, રાજકોટના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ સહિતના અગ્રણીઓની હાજરીમાં અહીં ખેતી બચાવો સત્યાગ્રહ આંદોલન યોજાયું હતું. જેમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. તમામ અગ્રણીઓએ ખેડૂતોની વેદના રજૂ કરી એકી અવાજે રાજ્ય સરકાર દેવા માફી કરે તેવી માંગ કરી રેલી સ્વરુપે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# સા.કુંડલાની શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં 'વંદે માતરમ્'ના ૧૫૦મા વર્ષની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા.૦૮

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ સાવરકુંડલામાં તારીખ ૭/૧૧/૨૦૨૫ના રોજ સરકારના આદેશ મુજબ રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ની ૧૫૦ મા વર્ષની ઉજવણીનો કાર્યક્રમ



તસવીર : સૌરભ દોશી

યોજાયો હતો. ભારતમાતાની સેવા કરવા, રાષ્ટ્રીય સ્વતંત્રતાના હેતુથી તથા રાષ્ટ્રગૌરવ માટે કોલેજમાં કાર્યક્રમ યોજાયો હતો જેમાં આચાર્ય તથા અધ્યાપકો દ્વારા સ્વદેશી શપથ લેવામાં આવ્યા હતા. તેમજ વંદે માતરમ્ રાષ્ટ્રગીતનું સમૂહમાં ગાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય તથા સમગ્ર સ્ટાફ મિત્રોનો સહકાર મળ્યો હતો અને સમગ્ર વાતાવરણ રાષ્ટ્રમય બન્યું હતું.

# સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં માત્ર ૧૨ કલાકમાં ૮ ડિલિવરી થઈ

**શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર – સાવરકુંડલા હોસ્પિટલનું સર્વશ્રેષ્ઠ કાર્ય**



સાવરકુંડલા, તા.૦૮

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર – સાવરકુંડલામાં સ્ત્રી રોગ વિભાગ આરંભથી કાર્યરત છે જેમાં નોર્મલ ડિલિવરી, સિઝેરિયન, કોથળીના ઓપરેશન તથા વંધ્યત્વને લગતા રોગોનું નિવારણ ઉત્કૃષ્ટ રીતે બે સ્ત્રી ગાયનેકોલોજિસ્ટ દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં આ સ્ત્રી રોગ વિભાગમાં માત્ર ૧૨ કલાકમાં ૮ ડિલિવરી કરવામાં આવી. બધી જ માતાઓ તથા નવજાત શિશુ એકદમ તંદુરસ્ત છે તેવું અહીંના મેડિકલ સુપ્રીટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયાની યાદીમાં જણાવાયું હતું.

# અમરેલીના વિઠ્ઠલપુર ગામે આજે રક્તદાન કેમ્પનું આયોજન

અમરેલી,તા.૦૮

અમરેલીના વિઠ્ઠલપુર ગામે ગોંડલીયા પરિવાર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકિયા અને આયુષ્યમાન આરોગ્ય મંદિર પીઠવાજાળના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાશે. આ કેમ્પ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ શ્રી વ્રજધામ શ્રી સુરાપુરા હરજીદાદાની ડેરી, વિઠ્ઠલપુર ખાતે આજ તારીખ ૦૯ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ દરમિયાન યોજાશે. આ રક્તદાન





કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને રક્તદાતાઓ ઉત્સાહભેર ભાગ લઈને માનવતાના આ કાર્યમાં સહયોગ આપશે. આ આયોજનને લીધે અનેક જરૂરિયાતમંદ દર્દીઓને મદદ મળી રહેશે.

# ચલાલા ખાતે મોગલ માઁ માનવસેવા ટ્રસ્ટ દ્વારા પત્રકારોનું સન્માન કરાશે

**કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન કૌશિક વેકરીયા લેશે, આગેવાનો ઉપસ્થિત રહેશે**

ચલાલા,તા.૦૮

શ્રી મોગલ માઁ માનવસેવા ટ્રસ્ટ ચલાલા-સુરત દ્વારા ચલાલા ખાતે જિલ્લાના આમંત્રિત પત્રકાર મિત્રોનો ભવ્ય સન્માન સમારોહ તારીખ ૯, નવેમ્બર રવિવારના રોજ સાંજે પાંચ કલાકે યોજાશે. આ સમારોહનું આયોજન ધારી રોડ પર આવેલ જુના સાંઈ મંદિરના પટાંગણમાં કરવામાં આવ્યું છે. અધ્યક્ષ સ્થાને રાજ્યના કાયદા, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ અને સંસદીય બાબતના રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા રહેશે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, હીરાભાઈ સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ ટ્રસ્ટ છેલ્લા ૧૫-૧૭ વર્ષથી સમૂહલગ્ન, ભૂખ્યાને ભોજન, રાશન કીટ વિતરણ, ગાયોને ઘાસચારો અને સરકારી શાળામાં ચોપડા વિતરણ જેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા જિલ્લાભરના શ્રેષ્ઠ પત્રકારોને નિમંત્રણ આપી સન્માનિત કરવામાં આવશે.


**શ્રી નવી હળીયાદ પ્રાથમિક શાળા તા:- બગસરા, જિ. :- અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી તમામ રસ ધરાવતી વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિ. શિ. સમિતિ સંચાલિત નવી હળીયાદ પ્રાથમિક શાળા તા. બગસરા, જિ.અમરેલીના સિંટેક્ષના જર્જરિત બે રૂમના ઊભા કાટમાળ અને ઈમલાને પાડી અને જમીન લેવલે જગ્યા ચોખ્ખી કરી આપવાની શરતે જાહેર હરરાજી તા. ૧૭/૧૧/૨૦૨૫ ને સોમવારના રોજ બપોરે ૨ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. હરરાજીમાં ભાગ લેનારે રૂ. ૫૦૦૦/- તા. ૧૭/૧૧/૨૦૨૫ ના બપોરે ૧: ૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધીમાં ડિપોજિટ પેટે જમા કરાવી આધાર-કાર્ડ કે અન્ય પુરાવા સાથે ઉપસ્થિત રહેવું. આ હરરાજીમાં ડિપોજિટ ભરનાર જ ભાગ લઈ શકશે. હરરાજીની બોલીઓ અને શરતો હરરાજીના દિવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. આ કાટમાળ અને ઈમલો આપવાનો આખરી નિર્ણય S.M.C. નવી હળીયાદનો રહેશે.

હરરાજી તારીખ : ૧૭/૧૧/૨૦૨૫ | સમય : બપોરે ૨:૦૦ થી ૩:૦૦ કલાકે

સ્થળ : નવી હળીયાદ પ્રાથમિક શાળા તા.બગસરા જી. અમરેલી.

બાબુભાઇ એ. ટીંબડિયા
આચાર્ય
નવી હળીયાદ પ્રાથમિક શાળા
Adhyaksh / Sabhya Sachiv
School Management Committee
Primary School Navi Haliyad
Block: Bagasara

અસ્મિતાબેન ડી. ગાજીપરા
અધ્યક્ષશ્રી
S. M. C. નવી હળીયાદ
Adhyaksh / Sabhya Sachiv
School Management Committee
Primary School Navi Haliyad
Block: Bagasara


# સાવરકુંડલામાં પરિણીતા પર અત્યાચાર: કરિયાવર મુદ્દે મેણા માર્યા

**શારિરીક અને માનસિક ત્રાસ આપતા ફરિયાદ**

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલામાં પરિણીતા પર અત્યાચારની ઘટના સામે આવી હતી. સાસરિયાએ કરિયાવર મુદ્દે મેણા માર્યા હતા. બનાવ સંદર્ભે રૂચીતાબેન યશભાઈ યાદવ (ઉ.વ.૨૧) એ પતિ યશભાઈ અશોકભાઈ યાદવ, સસરા અશોકભાઈ, સાસુ તૃષાબેન અશોકભાઈ, નણંદ મહેકબેન તથા નણંદ ઉર્વીશાબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પોતાના પતિના ઘરે રહેવા ગયેલ ત્યારે સાસરિયાએ 'તું અહીં શું કામ આવી છો, તારે અહી આવવાનુ નહીં' તેમ કહી ગાળો દઈ ઢીકાપાટુ વડે મુંઢમાર માર માર્યો હતો. તેમજ માનસિક શારીરિક દુઃખ-ત્રાસ આપી તેમજ ઘરકામ તેમજ કરિયાવર બાબતે મેણાટોણા મારી ગાળો આપી હતી.

# 'તારી પાસેથી પૈસા લેવાના છે તે તું કેમ નથી આપતો' કહી ધમકી આપી

બગસરા, તા.૦૮

બગસરા બસ સ્ટેશન પાસે યુવકને 'તારી પાસેથી પૈસા લેવાના છે તે તું કેમ નથી આપતો' કહી ધમકી આપી હતી. બનાવ સંદર્ભે તુલશીભાઈ દેવાભાઈ ખીમસુરીયા (ઉ.વ.૪૯)એ શૈલેષભાઈ પ્રેમજીભાઈ સારીખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બગસરા બસ સ્ટેશન પાસે ઉભા હતા ત્યારે આરોપી તેમની પાસે આવ્યા હતા. તેમણે કહ્યું કે 'મારા પૈસાનું શું થયું અને મારે તારી પાસેથી પૈસા લેવાના છે તે તું કેમ નથી આપતો, આજ તો તને પતાવી દેવો છે અને હું મારા માણસો લાવું છું' તેમ ધમકી આપીને જાનથી મારવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી.ડી. કળસરીયા તપાસ કરી રહ્યાં છે.


**દિપાવલી - નૂતન વર્ષ પર્વના સર્વોને અભિનંદન...**

**BLUE BUDDHA**

END OF SEASON SALE

BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF

Visit our shop today to avail Amazing Offer

SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806

મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા

www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



**GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો**

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## અવસાન નોંધ

**લાઠી**

સ્વ.અશોકભાઈ રમણીકલાલ જયસ્વાલ (ભટાભાઇ) નું તા.૦૭/૧૧/૨૦૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હરેશભાઈ, ભદ્રેશભાઇના મોટાભાઇ, હેમલભાઇ, અલ્પેશભાઈ, દેવાંગીબેનના પિતા થાય છે. સદ્‌ગતનું બેસણું તા.૧૦.૧૧.૨૫ સોમવારના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ અક્ષર વાડી. જી.ઇ.બી. ઓફિસ પાસે રાખેલ છે.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 132/2025

**પ્રતિ**
શ્રી દાદુભાઈ ઉર્ફે દાદાભાઈ હુસેનભાઈ જુણેજા,
રહે. ફુલકા, ગામ-ફુલકા, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, પી.જી. સોસા ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફુલકા, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **ફુલકા** ગામના રહીશ દાદુભાઈ હુસેનભાઈ જુણેજા તથા આયસુબેન દાદુભાઈ જુણેજાના પુત્ર ફારૂક દાદુભાઈ જુણેજાનો જન્મ તારીખ **01/06/1981** ના રોજ ગીરગઢડા તાલુકાના **ફુલકા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ફુલકા, તાલુકો-ગીરગઢડા સને.**1981** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# ગુજરાત વાડો કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૫ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ખેલાડીઓનો સુંદર દેખાવ



અમરેલી, તા. ૦૮

ગુજરાત વાડો કરાટે ચેમ્પિયનશીપ-૨૦૨૫ સ્પર્ધાનું આયોજન વડોદરા મુકામે થયું હતું. જેમાં અમરેલી જિલ્લામાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના કરાટે ગેમના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે સુવર્ણ, રજત અને કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા હતા. જેમાં કરેણા ઉરવી, ચોહાણ શ્રેયા, પરમાર દેવરાજે સુવર્ણ પદક મેળવેલ, જાદવ સારદા, કરંગીયા બંશી, ઝાલા મહેક, સોલંકી વંદના, સાવલિયા વૃષ્ટિ, ગમારા હાર્દિક, બારૈયા પરીએ રજત પદક મેળવેલ, તેમજ પરમાર પહેક, દવે દિશા, ગોલાની ઉર્વીશાએ કાંસ્ય પદક મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ કરાટે ખેલાડીઓ તેમજ કોચ વિકુશભાઈ ભેડાને તેમણે મેળવેલ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

# 'તારા બનેવીના પૈસા આજેય આપવા નથી અને કાલેય પણ આપવા નથી' કહી યુવક પર હુમલો કર્યો

અમરેલી, તા.૦૮

અમરેલીના નાના ભંડારીયા ગામે 'તારા બનેવીના પૈસા આજેય આપવા નથી અને કાલેય પણ આપવા નથી' કહી યુવક પર હુમલો કર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મેહુલભાઈ રવજીભાઈ હિરપરા (ઉ.વ.૨૫) એ મેહુલભાઈ કાળુભાઈ દેવાણી, કાળુભાઈ હરીભાઈ દેવાણી, જયાબેન કાળુભાઈ દેવાણી, શાંતાબેન મેહુલભાઈ દેવાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પૈસાની ઉઘરાણી બાબતે થયેલા ઝઘડામાં એક વ્યક્તિએ તેના ભાઈ સાથે ગયેલા ફરિયાદી પર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો, જેમાં ફરિયાદીના માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ફરિયાદીના જણાવ્યા અનુસાર, મેહુલભાઈ દેવાણીએ તેમને ફોન કરીને કહ્યું હતું કે, 'તારા બનેવીના એગ્રોના રૂ.૧૨,૦૦૦ બાકી છે, તું મારા ઘરે આવીને લઈ જા.' જ્યારે તેઓ તેમના ભાઈ રોહિતભાઈ સાથે આરોપીના ઘરે ગયા, ત્યારે આરોપીએ કહ્યું કે, 'તારા બનેવીના પૈસા આજેય આપવા નથી અને કાલેય પણ આપવા નથી' આટલું કહીને આરોપી મેહુલે પોતાની પાસે રાખેલા લોખંડના પાઈપ વડે ફરિયાદીના માથામાં બે ઘા માર્યા, જેના કારણે ફરિયાદીને નવ ટાંકા લેવા પડ્યા. આ ઉપરાંત, એક ઘા ફરિયાદીના ભાઈ રોહિતના માથામાં પણ મારવામાં આવ્યો હતો, જેનાથી તેમને ઈજા થઈ હતી. આરોપીએ તેમને ધમકી આપતા કહ્યું કે, 'પૈસા ભૂલી જાજે અને શેરીમાં પણ દેખાણા તો બંને ભાઈઓને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એચ. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# પારિવારિક ત્રાસ: છૂટાછેડાની ધમકી આપી પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ

**પતિએ તેમને ફોન કરીને છૂટાછેડા આપવાની ધમકી આપતા બબાલ**

અમરેલી, તા.૦૮

અમરેલીમાં એક પરિણીતાએ તેમના પતિ અને સાસરી પક્ષના અન્ય સભ્યો વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસ આપવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અંજુમબેન અખરતભાઈ કાજી (ઉ.વ.૨૮) એ પતિ સહિત સાસરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના લગ્ન ૦૨ માર્ચ, ૨૦૧૮ ના રોજ થયા હતા. લગ્નજીવન દરમિયાન જ્યારે પતિ-પત્ની સારી રીતે રહેતા હતા, ત્યારે તે વાતથી સાસરિયાને સારું લાગતું ન હતું. આ આરોપીઓ તેમને અવારનવાર માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. સાસુ તેમના પતિ સહિત અન્ય આરોપીને ચડામણી કરતા હતા. પતિએ તેમને ફોન કરીને છૂટાછેડા આપવાની ધમકી આપી હતી. આરોપીઓ અવારનવાર મેણાં ટોણાં મારતા હતા. તેમજ ગાળો આપીને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા.

# 'તમે મારા મમ્મીની કેમ વાતો કરો છો, ટાંટીયા ભાંગી નાખું' કહી ભત્રીજાએ ફોઈને ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલામાં એક પરિણીતાને 'તમે મારા મમ્મીની કેમ વાતો કરો છો', તેમ કહી 'તું રાજકોટ આવ તારા ટાંટીયા ભાંગી નાખું' તેવી ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે શિલ્પાબેન દશરથભાઈ કાપડી (ઉ.વ.૩૭) એ વાંકાનેરના રાતડીયા ગામે રહેતા સંદિપભાઈ સુરેશભાઈ દુધરેજીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તેના સગાભાઈના દીકરા (ભત્રીજા) સંદિપભાઈ સુરેશભાઈ દુધરેજીયા રહે.રાજકોટવાળાએ ફોન કરી કહ્યું કે, 'તમે મારા મમ્મીની કેમ વાતો કરો છો' તેમ કહી 'તું રાજકોટ આવ તારા ટાંટીયા ભાંગી નાખું' તેવી ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના આંબા ગામે સિંહણનું વીજશોકથી મોત નિપજાવનાર આરોપીના જામીન નામંજૂર

**સેશન્સ કોર્ટે ગુનાની ગંભીરતા અને કાયદાકિય જોગવાઈને ધ્યાને લીધી**

અમરેલી,તા.૦૮

શેત્રુંજી વન્યજીવન વિભાગની લીલીયા રેન્જ હેઠળ આવતા મોટા કણકોટ ગામની સીમમાંથી વીજશોકથી મૃત્યુ પામેલી ૪ વર્ષની સિંહણનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો હતો. પેનલ પોસ્ટમોર્ટમમાં વીજશોકથી મૃત્યુની પુષ્ટિ થતાં, લીલીયા વાઈલ્ડ લાઈફ રેન્જ દ્વારા વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ-૧૯૭૨ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. એસીએફ વિરલસિંહ ચાવડા અને આરએફઓ બી.જી. ગલાણીની ટીમે ટેક્નોલોજીના ઉપયોગથી આરોપી જયરાજભાઈ રામકુભાઈ બોરીચાને ઝડપી પાડ્યો હતો. આરોપીએ એડિશનલ સેશન્સ કોર્ટ સાવરકુંડલાની કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી, પરંતુ સેશન્સ કોર્ટમાં ગુનાની ગંભીરતા અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈ જામીન અરજી નામંજૂર કરી હતી.

# લાઠીના ટોડા ગામે વાડીએ ઢોર ચરાવવાની ના પાડતા ધમકી આપી

લાઠી, તા.૦૮

લાઠીના ટોડા ગામે વાડીએ ઢોર ચરાવવાની ના પાડતાં ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે સાગરભાઈ રાજુભાઈ ઝાપડીયા (ઉ.વ.૨૩)એ શ્યામભાઈ નનકાભાઈ સોહલા તથા લાલાભાઈ હમીરભાઈ સોહલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વાડીએ આરોપીઓ ઢોર ચરાવતા હતા. સાહેદે આરોપીઓને વાડીએ ઢોર ચરવાની ના પાડતા તું'કારા કરી ગાળો આપતા હતા જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા આરોપીને સારૂ ન લાગતા તેમણે જમણા પગના સાથળના ભાગે લાકડી મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત માથાના ભાગે લાકડી મારી લોહી નીકળે તેવી ઈજા કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો આપી, લાકડી મારી મુંઢ ઈજા કરી હોવાની ફરિયાદ નોંધાવી**

# બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ

બગસરા, તા.૦૮



તસવીર : હાર્દિક બામટા

બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની વોલીબોલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અંડર ૧૪, અંડર ૧૭ અને ઓપન ઉંમરની એમ મળીને કુલ ૧૮ ટીમોના ભાઈઓ તેમજ બહેનોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય જેઠવા, હામાપુર હાઈસ્કૂલના આચાર્ય ભટ્ટ તેમજ અન્ય આમંત્રિત મહેમાનોએ હાજરી આપી હતી. આ સ્પર્ધામાં દિવ્યેશભાઈ દુધરેજીયા, મનીશ કુકવાવા, અક્ષિતાબેન નળીયાધરા, રવિભાઈ ચુડાસમા, કૌશિક નસીત, કરીણભાઈ સાંખલાએ વિવિધ નિર્ણાયકની ભૂમિકા નિભાવી હતી. ખેલ મહાકુંભના કન્વીનર મનોજભાઈ મહિડાના માર્ગદર્શન નીચે યોજાયેલ સ્પર્ધામાં નકુમ યતિનભાઈએ સ્પર્ધાનું સંચાલન કરી સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૫ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૬૯૦ | ૯૪૩ |
| બાજરી | ૩૨૦ | ૪૦૯ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૩૧ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૨૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૯૯ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૮૬ |
| મગ | ૮૫૦ | ૧૭૧૧ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૧૧ |
| ચોળી | ૯૮૦ | ૧૨૮૧ |
| મઠ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૧૧૫ | ૨૧૯૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૬૦૧ |
| મગફળી જાડી | ૮૬૦ | ૧૨૫૦ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૨૬૫ |
| તલી | ૧૮૫૦ | ૨૩૧૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૩૦૦ |
| અજમો | ૧૩૦૦ | ૨૦૫૦ |
| સોયાબીન | ૮૧૩ | ૮૭૪ |
| સીંગફાડા | ૯૬૬ | ૧૩૩૫ |
| કાળા તલ | ૩૫૬૦ | ૫૨૦૦ |
| લસણ | ૪૪૬ | ૯૫૪ |
| ધાણા | ૧૩૪૦ | ૧૫૫૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ધાણી | ૧૩૭૦ | ૧૬૫૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૩૮ |
| જીરૂ | ૩૪૨૦ | ૩૮૮૦ |
| રાય | ૧૩૦૦ | ૧૭૫૦ |
| મેથી | ૯૯૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૮૪૫ |
| રાયડો | ૯૮૦ | ૧૨૭૭ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૭૨૦૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૫૬ | ૭૩૪ |
| પપૈયા | ૬૪ | ૯૭ |
| બટેટા | ૨૪૩ | ૬૫૧ |
| ટમેટા | ૩૨૭ | ૬૧૩ |
| સુરણ | ૭૮૭ | ૮૦૯ |
| કોથમરી | ૮૨૯ | ૧૦૩૨ |
| મુળા | ૩૩૩ | ૪૬૨ |
| રીંગણા | ૧૦૩૬ | ૧૮૮૪ |
| કોબીજ | ૧૮૭ | ૨૬૫ |
| ફ્લાવર | ૩૯૭ | ૫૬૪ |
| ભીંડો | ૮૧૧ | ૧૦૨૪ |
| ગુવાર | ૧૪૧૩ | ૨૦૧૯ |
| ચોળાસીંગ | ૬૬૭ | ૮૯૮ |
| વાલોળ | ૮૮૬ | ૧૨૪૬ |
| ટીંડોળા | ૭૧૭ | ૧૪૨૧ |
| દુધી | ૩૧૮ | ૫૪૬ |
| કારેલા | ૪૫૨ | ૬૪૩ |
| સરગવો | ૭૭૮ | ૧૮૨૩ |
| તુરીયા | ૬૦૪ | ૮૧૩ |
| પરવર | ૫૮૭ | ૭૦૯ |
| કાકડી | ૫૩૯ | ૬૮૯ |
| ગાજર | ૬૧૭ | ૮૪૪ |
| વટાણા | ૨૬૧૭ | ૩૨૧૩ |
| ગલકા | ૮૦૧ | ૧૦૫૭ |
| બીટ | ૧૬૬ | ૪૭૭ |
| મેથી | ૬૦૯ | ૮૩૨ |
| વાલ | ૧૪૬૬ | ૧૬૧૪ |
| ડુંગળી લીલી | ૪૧૨ | ૬૧૭ |
| આદુ | ૯૩૪ | ૧૩૨૫ |
| ચણા લીલા | ૧૮૪ | ૬૯૩ |
| મરચા લીલા | ૧૭૭ | ૬૨૯ |
| હળદર લીલી | ૫૨૯ | ૭૧૪ |
| લસણ લીલું | ૧૬૨૭ | ૨૪૧૭ |
| મકાઇ લીલી | ૨૧૭ | ૩૩૬ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૦૮ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૬૧૮ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૨૭૧ |
| એરંડા / એરંડી | ૯૨૬ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૮૬૧ |
| ધાણા | ૯૫૧ | ૧૬૪૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૩૩૧ |
| મેથી | ૫૫૧ | ૧૧૪૧ |
| કાંગ | ૪૩૧ | ૫૫૧ |
| કારીજીરી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૭૫૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૭૬૧ |
| બાજરો | ૩૪૧ | ૪૨૧ |
| જુવાર | ૩૦૦ | ૯૪૧ |
| મકાઇ | ૩૭૧ | ૪૫૧ |
| મગ | ૧૦૩૧ | ૧૮૦૧ |
| ચણા | ૯૭૬ | ૧૧૧૬ |
| વાલ | ૪૬૧ | ૯૯૧ |
| ચોળા / ચોળી | ૬૨૬ | ૧૧૮૧ |
| સોયાબીન | ૭૦૦ | ૯૬૧ |
| કળથી | ૪૫૧ | ૪૫૧ |
| ગોગળી | ૬૦૧ | ૯૨૧ |
| વટાણા | ૯૫૧ | ૧૮૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૨૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૩૬૦ | ૧૧૦૦ |
| ગલકા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૯૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૩૬૦૦ | ૫૦૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૪૦૦ | ૫૦૦ |
| લીલા ચણા | ૧૨૦ | ૨૦૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| જીજરાં | ૧૨૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૬૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૩૦ | ૧૦૭૫ |
| ગીરનારી શિંગ | ૭૯૦ | ૧૧૯૦ |
| શિંગ મોટી | ૬૪૦ | ૧૨૨૫ |
| શિંગ દાણા | ૮૪૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૪૫ |
| તલ કાળા | ૨૬૦૦ | ૫૫૦૦ |
| તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૫૧૧ |
| બાજરો | ૫૩૫ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૬ |
| મકાઈ | ૪૧૮ | ૫૭૦ |
| મગ | ૧૦૬૦ | ૧૫૧૫ |
| અડદ | ૧૦૦૫ | ૧૨૮૫ |
| ચણા | ૮૨૦ | ૧૧૨૫ |
| સફેદ ચણા | ૯૭૨ | ૧૧૨૦ |
| છોલે ચણા | ૧૭૫૨ | ૧૭૫૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૦૫ |
| કપાસ | ૮૭૦ | ૧૫૬૨ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૭૪ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૭૮૫ |
| ધાણા | ૧૦૯૦ | ૧૪૩૦ |
| અજમા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૯૦ |
| સોયાબીન | ૭૫૧ | ૮૭૫ |
| રજકાનુ બી | ૧૭૦૦ | ૬૦૦૦ |
| કાંગ | ૪૯૮ | ૪૯૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૮૦ | ૪૮૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૯૦૦ |
| કોબીઝ | ૧૧૦ | ૨૦૦ |
| શકકરીયા | ૬૨૦ | ૮૪૦ |
| ટમેટાં | ૪૫૦ | ૫૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૬૫૦ | ૧૧૮૦ |
| દુધી | ૫૦૦ | ૭૦૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલાં | ૬૨૦ | ૧૦૪૦ |
| તુરીયા | ૧૪૦૦ | ૧૫૮૦ |
| વાલ | ૧૦૨૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૦૦ | ૭૦૦ |
| ભીડો | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૮૦ | ૯૮૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૨૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૯૮૦ | ૧૧૮૦ |
| ટીંડોરા | ૪૨૦ | ૬૮૦ |
| બીટ | ૪૦૦ | ૬૪૦ |
| તુવેર | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૬૪૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૪૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૧ |
| શીંગ જીણી | ૮૪૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૮૮૦ | ૧૧૭૬ |
| તલ | ૧૯૦૦ | ૨૪૨૫ |
| તલ કાળા | ૩૭૩૭ | ૩૮૪૦ |
| જીરૂ | ૩૫૭૫ | ૩૫૭૫ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૧૫ |
| બાજરો | ૩૦૦ | ૫૦૧ |
| જુવાર | ૮૭૫ | ૮૭૫ |
| વાલ | ૮૮૦ | ૮૮૦ |
| અડદ | ૮૩૫ | ૧૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૯૬ |
| તુવેર | ૧૦૩૬ | ૧૦૯૬ |
| મેથી | ૮૧૧ | ૮૧૧ |
| સોયાબીન | ૮૩૫ | ૮૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૬ |
| સોયાબીન | ૬૬૦ | ૬૬૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૪૫ | ૧૫૨૦ |
| કપાસ કોડી | ૮૨૭ | ૧૧૩૧ |
| મગફળી | ૬૦૧ | ૯૮૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૬ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૧ |
| અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| એરંડા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૩૬ |
| શીંગદાણા | ૧૦૩૬ | ૧૦૩૬ |
| સોયાબીન | ૮૨૫ | ૮૩૬ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૪૦ |
| મગફળી | ૯૬૫ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૪૩૯ | ૨૬૬૧ |
| તલ કાળા | ૩૧૨૯ | ૫૩૫૧ |
| જીરૂ | ૨૯૨૯ | ૪૧૫૧ |
| ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ચણા | ૯૭૫ | ૧૧૧૫ |
| અડદ | ૯૩૦ | ૧૨૨૦ |
| મગ | ૧૨૪૫ | ૧૫૦૫ |
| સોયાબીન | ૭૬૭ | ૮૪૩ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૯ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૯ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૦૯૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૬૦ | ૮૬૧ |
| તલ | ૨૦૩૫ | ૨૨૫૫ |
| શીંગ ફાડા | ૯૯૦ | ૧૦૦૦ |
| મગફળી | ૭૪૫ | ૯૧૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૬ |
| ચણા | ૬૦૧ | ૧૦૭૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૪૬ |
| મગફળી | ૫૦૧ | ૧૧૯૧ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૨૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૨૫૦ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૫૦ | ૧૧૬૦ |
| તલ સફેદ | ૧૮૭૫ | ૨૨૦૦ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૫૫૧ |
| કપાસ | ૬૦૦ | ૧૫૧૦ |
| બાજરો | ૬૦૦ | ૧૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૦૨ | ૫૮૪ |
| જુવાર | ૯૭૧ | ૯૭૯ |
| મગ | ૧૨૦૦ | ૧૪૧૪ |
| અડદ | ૭૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૬૦૦ | ૧૦૭૦ |
| મેથી | ૭૪૦ | ૭૪૦ |
| રાય | ૯૬૦ | ૯૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૪૧ | ૧૫૨૦ |
| કપાસ કોડી | ૮૦૧ | ૧૨૧૧ |
| મગફળી | ૬૦૩ | ૧૦૮૦ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૭૬૧ | ૭૬૧ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૮૮૦ | ૧૦૫૪ |
| શીંગ ૩૯ | ૭૦૫ | ૧૧૫૫ |
| શીંગ ગીરનારી | ૮૪૦ | ૧૧૪૧ |
| શીંગ જી-૨૦ | ૮૭૦ | ૧૨૧૫ |
| જુવાર | ૩૦૦ | ૭૫૨ |
| બાજરી | ૩૪૬ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૫૮ |
| મકાઈ | ૪૧૦ | ૪૯૩ |
| અડદ | ૩૬૦ | ૧૬૬૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૩૫ |
| તુવેર | ૮૧૧ | ૧૨૫૫ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૬ | ૨૨૫ |
| ડુંગળી સફેદ | ૧૧૯ | ૧૫૬ |
| કપાસ શંકર | ૫૦૦ | ૧૪૭૫ |
| નાળીયેર | ૪૫૧ | ૨૬૫૦ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૮૫ | ૫૬૭ |
| મગ | ૮૮૦ | ૧૩૯૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૩૫ |
| તુવેર | ૧૧૮૦ | ૧૨૭૦ |
| ચોળી | ૨૫૫ | ૫૬૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૮ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૮૧૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૫ |
| મગફળી ૬૬ | ૯૦૦ | ૧૨૨૦ |
| મગફળી ૯ | ૧૦૦૦ | ૧૭૮૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૮ |
| તલ | ૧૫૦૦ | ૨૩૪૦ |
| લસણ | ૫૭૫ | ૧૧૭૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૪૫૦ |
| અજમાની ભુકી | ૫૫ | ૧૬૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મરચાં | ૬૦૦ | ૪૦૫૫ |
| ડુંગળી સુકી | ૭૫ | ૨૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |
| **કોડીનાર** | | |
| કપાસ (ડોળાસા) | ૧૦૮૦ | ૧૫૪૦ |
| મગફળી | ૭૪૦ | ૧૨૪૬ |
| બાજરો | ૪૦૦ | ૫૬૮ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૬ |
| જુવાર | ૬૦૦ | ૯૬૨ |
| અડદ | ૫૫૦ | ૧૪૯૬ |
| ચણા | ૯૨૫ | ૧૧૦૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૪૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૪૭૯૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૭૩ |

સંજોગ ન્યૂઝ
# રસધાર
રવિવાર
09 નવેમ્બર, 2025



06
વાર્તા વિશ્વ : અંધારા-અજવાળા


06
સપ્તરંગઃ શિયાળાની સવારનું ધુમ્મસ ક્યારેક જિંદગીમાં પણ ઉતરી આવે છે...!

# ગ્રાહક ખરેખર રાજા છે? પૈસા આપવા છતાં હેરાન થવાનું !



હાસન જિલ્લાના એક રિસૉર્ટમાં સૉફ્ટવેર એન્જિનિયર ધનરાજ, તેની પત્ની વીણા, દીકરી ખુશી, વીણાની બહેન દીપા અને તેનાં બે સંતાનો રિકી અને સારા જૂન ૨૦૨૪માં ફરવાં ગયાં હતાં. રૂ. ૧૫,૦૦૦ના એક એવા બે રૂમ બુક કરાયા હતા. તેમાંથી રૂ. ૮,૦૦૦ તો યુપીઆઈથી ઍડવાન્સ ભરી દેવાયા હતા. બધાં પ્રસન્ન હતા પરંતુ આ આનંદ શોકમાં પરિવર્તિત થઈ ગયો.

પતિ-પત્ની અને સાળી રેસ્ટૉરન્ટમાં હતાં. બાળકો રમવા ગયાં. કોઈને ખબર નહોતી કે રિસૉર્ટમાં સ્વિમિંગ પૂલ પણ છે અને રમત છોડીને છોકરાંઓ તેમાં નહાવા પડી જશે. થોડી વારમાં સારા ભીંજાયેલી અવસ્થામાં દોડતી આવી અને કહ્યું કે તેનો ભાઈ રિકી ડૂબી રહ્યો છે અને ખુશી બેભાન સ્થિતિમાં છે. રિકી તો બચી ગયો પણ ખુશી ન બચી શકી.

સ્વિમિંગ પૂલ પાસે કોઈ લાઈફગાર્ડ નહોતો, કોઈ ચેતવણીનો સંકેત નહોતો, કોઈ તબીબી સહાય પણ નહોતી. પરિવારે માત્ર રિસૉર્ટમાં નહીં, ગ્રાહક કૉર્ટમાં ફરિયાદ કરી. આ રિસૉર્ટ ટ્રેડ લાયસન્સ વગર ચાલતું હતું ! પૂલ પણ મંજૂર થયેલા પ્લાનમાં હતો જ નહીં. અને તેમાં સુરક્ષાના કોઈ ધારાધોરણનું પાલન કરાયું નહોતું. કૉર્ટે રિસૉર્ટ સ્વામીઓને આદેશ આપ્યો કે તેઓ ફરિયાદીને રૂ. દસ લાખનું વળતર ચૂકવે અને તે પણ ૧૮ જૂન ૨૦૨૪થી ગણેલા વ્યાજ સાથે.

રાજકોટના ટીઆરપી ગેમિંગ ઝૉનમાં પણ આવું થયું હતું અને અગાઉ અમદાવાદની શ્રેય હૉસ્પિટલ હોય કે રાજસ્થાનના જયપુરની એસએમએસ હૉસ્પિટલ, તેમાં આગ લાગે છે અને બાળકો સહિત દર્દીઓ ભડથું થઈ જાય છે. મોરબીના પુલમાંય ટિકિટના પૈસા ખર્ચીને જનારા પુલ તૂટી પડતાં મૃત્યુને શરણ થયા. ૨૦૨૪માં દિલ્હીના રાજેન્દ્રનગરમાં આવેલા આઈએએસ કૉચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં આવેલી લાઈબ્રેરીમાં વરસાદનું પાણી ભરાઈ જતાં તેમાં ત્રણ આકાંક્ષી વિદ્યાર્થીઓનાં ડૂબી જવાથી મૃત્યુ થયાં હતાં. બીજા અનેક વિદ્યાર્થીઓ તેમાં ફસાઈ ગયા હતા.

ત્યારે બહાર આવ્યું હતું કે યુપીએસસીના શિક્ષણના નામે હિન્દુ વિરોધી લેફ્ટ-લિબરલ એજન્ડાવાળા વીડિયો મૂકતા વિકાસ દિવ્યકીર્તિનું આઈએએસ કૉચિંગ સેન્ટર પણ બેઝમેન્ટમાં ચાલતું હતું. અને આમ આદમી પક્ષમાં જોડાતા પહેલાં વિકાસ દિવ્યકીર્તિ જેવા જ એજન્ડાવાળા વીડિયો બનાવનાર અવધ ઓઝા પણ આ મુદ્દે ચૂપ રહેતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ભડક્યા હતા.

આ તો મૃત્યુનો વિષય થયો પરંતુ ઘણી વાર મૃત્યુ ન થાય તોય માનસિક હેરાનગતિ એટલી બધી થઈ જતી હોય છે કે ન પૂછો વાત. એમ.ટી. થોમસ નામના એક વરિષ્ઠ નાગરિકે મેક માય ટ્રિપ મારફતે ઈન્ડિગોની ચેન્નાઈથી કોચીની ઉડાન બુક કરાવી હતી. તે માટે ફરિયાદીએ રૂ. ૭,૨૮૪ ચૂકવ્યા હતા. આ ઉડાનનો સમય બે વાર બદલાયો. આથી ખરાબ તબિયતવાળા થોમસે ટિકિટ રદ કરાવી. ઈન્ડિગોએ તો કેન્સલેશન માટે રૂ. ૭,૨૮૪ મેક માય ટ્રિપના ખાતામાં ચૂકવી દીધા પણ મેક માય ટ્રિપને વારંવાર વિનંતી કરવા અને લેખિતમાં રજૂઆત કરવાં છતાં તે થોમસને પૈસા ચૂકવતી નહોતી. આથી થોમસ ગ્રાહક કૉર્ટમાં ગયા.

કૉર્ટે મેક માય ટ્રિપને થોમસને રૂ. ૨૭,૨૮૪ ટિકિટ ચાર્જ અને વળતર માટે ચૂકવવાના કહ્યા.

**ભારત દેશ બીજી ઘણી રીતે વિશ્વમાં પ્રગતિ કરતો દેશ હશે, પરંતુ ગ્રાહકોના અધિકાર બાબતે આજેય અતિ પછાત છે. પૈસા અને સેવા કે માલ માટે વેરો ચૂકવવા છતાં ગ્રાહક બિચારો બાપડો જ છે**

મિત્રો, આવા તો અનેક કેસ બનતા હશે, પરંતુ ધનરાજ-વીણા અને થોમસ જેવા કેટલા જાગૃત નાગરિકો હશે? જાગૃત નાગરિક હોય પણ કૉર્ટના ધક્કા ખાવાનો સમય, તેના માટે ખર્ચવા પડતા પૈસા, તેના માટે નોકરીમાંથી સમય કાઢવો, નોકરી હોય તો કપાતે પગારે રજા લેવી, ધંધો હોય તો નુકસાની વેઠવી, અને આ બધું છતાં કૉર્ટનો દર વખતે પોતાની તરફેણમાં ચુકાદો આવશે જ કે કેમ એ તો પ્રશ્ન લટકતો હોય જ છે કારણકે બધી રજૂઆતો – બિલ વગેરે સહિતના પુરાવા સજ્જડ હોવા જોઈએ.

ભારત દેશ બીજી ઘણી રીતે વિશ્વમાં પ્રગતિ કરતો દેશ હશે, પરંતુ ગ્રાહકોના અધિકાર બાબતે આજેય અતિ પછાત છે. પૈસા અને સેવા કે માલ માટે વેરો ચૂકવવા છતાં ગ્રાહક બિચારો બાપડો જ છે. આફ્ટર સેલ્સ સર્વિસમાં ધાંધિયા તો નિયમિત વાત છે. હૉટલમાં રૂમ ઍડવાન્સ બુક કરાવી હોય પણ ટુવાલ-નેપકિન-શેમ્પૂથી માંડીને ગરમ પાણીની સુવિધા, ઈન્ટરનેટ વગેરેના દાવા છતાંય સેવા ન મળે. કોઈ પિઝાની દુકાનમાં બાળકના જન્મદિને બાળકને લઈને પિઝા લેવા જાવ અને કહે કે ૨૦ મિનિટમાં ઑર્ડર મળી જશે, પરંતુ કલાક પછી માંડ વારો આવે અને ત્યારે કહેવામાં આવે કે તમે જે સાઈઝનો ઑર્ડર કર્યો છે તે સાઈઝના રોટલા નથી. પછી જે આપે તે લઈ લેવાનું. કેટલીક ત્યાં બેસીને ખાવાની-પીવાની દુકાનમાં શૌચાલય જ ન હોય ! હોય તો ગંદાં હોય ! અથવા પાણી ન આવતું હોય.

રસોઈયા સાથે ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સમાં પણ સમયસર બસ કે કાર ન ઉપાડવી, સમયસર ન પહોંચાડવા, વગેરે અનેક અસુવિધાઓ પછી જો ફરિયાદ કરવામાં આવે તો સંચાલકનું તોછડું વર્તન હોય છે. આમ જ થશે, તમારે આવવું હોય તો આવો, નહીંતર તમારી વ્યવસ્થા કરી લો. પેલા યાત્રીઓ અધવચ્ચે ક્યાં જાય ?! અને આપણે ત્યાં ગ્રાહકો સાથે તકલીફ એ છે કે ફરિયાદીનો સાથ આપનારા નથી હોતા.

૧૨ જૂન ૨૦૨૫એ અમદાવાદથી લંડન જતી ઍર ઈન્ડિયાની ફ્લાઈટ તૂટી પડી. આજ સુધી તેનું કારણ બહાર નથી આવ્યું. આ ઘટના પછી ઍર ઈન્ડિયા અને ઈન્ડિગોની કેટલી ઉડાનો રદ થઈ તે સંખ્યા જુઓ. બધી વખતે શું ઉતારુઓને વળતર ચૂકવાય છે?

તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયે મલ્ટિપ્લેક્સોને કડક રીતે ખખડાવ્યા છે કારણકે બહાર જે પાણીની બૉટલ રૂ. ૨૦માં મળે છે તેના થિયેટરમાં, સૌરાષ્ટ્રની ભાષામાં કહીએ તો, તોડીને, રૂ. ૧૦૦ લે છે. કૉફીના રૂ. ૭૦૦ લે છે. સાદી ભાષામાં કહીએ તો આ કૉફીમાં એવા કયા હીરામોતી ટાંગ્યા હશે કે બહાર રૂ. ૨૦માં મળતી કૉફીના રૂ. ૭૦૦ લે છે? કર્ણાટકમાં કૉંગ્રેસની રાજ્ય સરકારે બીજા ઘણા ખોટા નિર્ણયો લીધા છે પણ આ બાબતે એક સારો નિર્ણય લીધો છે કે ફિલ્મટિકિટના વધુમાં વધુ રૂ. ૨૦૦ ભાવ રાખી શકો. આની સામે ભારતનો મલ્ટિપ્લેક્સ સંઘ કૉર્ટમાં ગયો હતો. પહેલાં સિંગલ સ્ક્રીન થિયેટર હતાં ત્યારે હાઉસફૂલના નામે કેટલાંક અસામાજિક તત્ત્વો બ્લેક કરતા પરંતુ હવે તો મલ્ટિપ્લેક્સવાળા જ અલગ-અલગ ફિલ્મ હોય તો અલગ-અલગ ભાવ લે છે. કોઈ ટોચ મર્યાદા જ નહીં.

**વિચાર વલોણું**

**જયવંત પંડ્યા**

ટોચ મર્યાદા તો કોઈ ભાવ પર નથી. દિલ્હીમાં રિક્ષાના ભાવ રૂ. ૩૦ પ્રતિ કિમી નિર્ધારિત કરાયા હોવા છતાં દોઢ બે કિમીના રૂ. ૨૦૦ લેવાય છે. આવું અમદાવાદમાં અને લગભગ બધે જ છે. હૉટલ, રેસ્ટૉરન્ટ, ફરસાણ-મીઠાઈની દુકાન, હૅર સલૂન, શૉ રૂમ, સ્કૂલ-કૉલેજ લગભગ બધે જ આ સ્થિતિ છે.

અને હૉસ્પિટલ? તેના પર તો કોઈ નિયમો જ જાણે લાગુ પડતા નથી. અહીં તો જીવનમરણ અથવા કાયમ માટે ખોડ રહી જવાનો પ્રશ્ન હોય છે. એક વાર તમારાં સગાંને આઈસીયૂમાં દાખલ કરવામાં આવે પછી ત્યાં અંદર કેવી દેખભાળ રખાય છે, કેવી સારવાર અપાય છે તેની તમને કોઈ જાણ કરાતી નથી. જુનિયર ડૉક્ટરોને પણ ખબર પડતી નથી હોતી. કેટલીક વાર તો ઓછા માર્કે પાસ થયેલા અણઘડ જુનિયર ડૉક્ટરોના ભરોસે તમારે દર્દીને રાખવો પડે છે જેને ડાયાબિટીસવાળા દર્દીને દવા આપવાની જ હોય તેવી ખબર પણ ન પડે. વૉર્ડબૉય અને નર્સો પણ સારા મળે તો ઈશ્વરનો પાડ.

ડૉક્ટરોના વિઝિટિંગ ચાર્જ પણ કમરતોડ. કોઈ મર્યાદા નહીં. અને જો બિલ ધ્યાનથી દર્દીના સગાવ્હાલા જુએ તો ખબર પડે કે બિલમાં લખ્યું છે તેટલી વાર તો ડૉક્ટરોએ વિઝિટ કરી જ નથી તોય ચાર્જ લેવામાં આવ્યો છે. અને હૉસ્પિટલમાં દર્દીને જમવાથી માંડીને પાણી પણ બહારથી આપવાનું નહીં. અને તે જમવાનું સારું હોય તો ઈશ્વરનો ઉપકાર. તમારા એટલાં સારાં ભાગ્ય ! પાણી કે જ્યુસ તમે સવારે સાડા છએ મગાવ્યું હોય પણ આવે ૭.૩૦ના નાસ્તા સાથે ! ત્યાં સુધીમાં દર્દીની શું સ્થિતિ થાય?

અને દર્દીને રજા મોટા ભાગે ડૉક્ટર સવારે દસ કે અગિયાર વાગે આપી દે, પરંતુ તેના કાગળિયા કામ કરતાં બપોરના બે-ત્રણ વગાડી દે. તે દિવસનો ચાર્જ દર્દીના સગાએ ફરજિયાત ચૂકવવાનો.

રાત્રે સગાને ત્યાં રોકાવા નહીં દેવાના. એટલે કાં તો સાંઠગાંઠવાળી નજીકની હૉટલમાં રોકાવાનું અથવા તો દૂર આવેલા પોતાના ઘરે જતા રહેવાનું. રાત્રે કોઈ ઈમરજન્સી થઈ તો? અને ડૉક્ટર/હૉસ્પિટલ પાસે મોટું શસ્ત્ર એ કે તે તમારી પાસે પહેલાં જ તમારી સહી લઈ ટ્રીટમેન્ટ માટે સંમતિ લઈ લે.

આ તો બધી મોટી વાત થઈ, જેમાં જીવનમરણનો પ્રશ્ન સંકળાયેલો હોય પરંતુ નાની-નાની અનેક વાતો હોય છે જેમાં ધર્મ ભ્રષ્ટ થવાની વાત પણ હોય છે. કોઈ વાર વાનગીમાં મરેલો વાંદો નીકળે છે તો ક્યારેક સમોસામાં નૉનવેજ સમોસા આપી દેવાય છે. ટેલિકૉમ બાબતે તો અસંખ્ય ફરિયાદો હશે. નેટવર્ક ન મળવું, કૉલ ડ્રૉપ થવા, ઈન્ટરનેટ ઠપ થવું, તમે થોડો સમય જ ઈન્ટરનેટ ચલાવો ત્યાં પચાસ ટકા ડેટા વપરાઈ ગયો છે તેવા સંદેશ આવી જવા અને જોતજોતામાં ડેટા પૂરો થઈ જવો. એસટીની બસો સમયસર તો છોડો, કલાક-કલાક મોડી આવવી, બસ સ્ટેન્ડ પાસે મુસાફરોને પૈસા દઈને લઈ જતી ખાનગી કારોના ત્રાસના કારણે એસટીની બસોને પણ ક્યાં ઊભી રાખવી તેનો પ્રશ્ન થતો હોય, ટ્રેન સમયસર ન આવવી અથવા સાબરમતી નામવાળાં બે સ્ટેશન હોવાં અને એક સ્ટેશન (સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેનવાળું રાણીપ પાસે આવેલું સ્ટેશન) પર બાંધકામ ચાલુ હોય તો ત્યાં ડિસ્પ્લે પર લખ્યું ન હોય કે ટ્રેન કયા પ્લેટફૉર્મ પર આવશે, જવાબ દેવા માટે રેલવેનો કોઈ સ્ટાફ હાજર ન હોય અને જ્યારે ટ્વિટર પર ફરિયાદ કરો તો જવાબ મળે કે ત્યાં બાંધકામ ચાલુ છે એટલે થોડી અવ્યવસ્થા છે !

આજથી પંદર વર્ષ પહેલાં તમે સ્થાનિક કેબલ ઑપરેટરો પાસેથી ખૂબ ઓછા પૈસામાં વાયર્ડ દ્વારા ઘણી બધી ચેનલો મેળવતા હતા. પરંતુ કૉંગ્રેસની યુપીએ સરકાર કાયદો લાવી કે નહીં, ફક્ત ડિજિટલ મારફતે જ ચેનલો જોઈ શકાશે. કારણ? ડિશ ટીવી, ટાટા, ઍરટેલ વગેરેએ તેમાં રોકાણ કરેલું. સરકારની દલીલ હતી કે ડિજિટલ દ્વારા ઉત્તમ ક્વૉલિટીમાં વીડિયો અને સાઉન્ડ મળે, પરંતુ લીધા પછી ખબર પડી કે તેમાંય પાછા એચ.ડી. માટે અલગ પૈસા આપવાના ! અને વરસાદનું સહેજ ઝાપટું આવે એટલે પિક્ચર અને સાઉન્ડ બંને ચોંટવા માંડે. '૮૦ના દાયકામાં દૂરદર્શન પર 'રૂકાવટ કે લિયે ખેદ હૈ' જેવું આવી જતું તેવું આ થયું, પણ દૂરદર્શન તો મફત હતું જ્યારે અહીં તો પૈસા આપીને પણ તમારે આવો અનુભવ કરવાનો. સેટ ટૉપ બૉક્સ અને બે-બે રિમોટથી સંચાલન કરવાનું.

તેમાંય સર્વિસ પ્રૉવાઈડર નક્કી કરે કે તમને કઈ-કઈ ચેનલો મળશે. કેટલીક ચેનલો તો ફ્રી હોવા છતાંય તમારા ટીવીમાં ન આવે. બધા ગ્રાહકો કંઈ એટલું બધું ધ્યાન રાખવા નવરા ન હોય પરંતુ સર્ફિંગ કરનારા અને વિવિધ ભાષા-વિવિધ પ્રકારનું કન્ટેન્ટ જોનારા થોડા લોકોમાંથી પણ આંગળીના વેઢે ગણાય એટલા લોકો ફરિયાદ કરે તો સ્થાનિક એજન્ટ દ્વારા તોછડા જવાબ મળે કે તમારે ઉપર જાણ કરવાની અને ઉપરવાળા કહે કે તમારે સ્થાનિક એજન્ટને કહેવાનું. આમાંય પાછું બે ચેનલો તો પ્રિલૉડેડ (જેના માટે તે ચેનલો દ્વારા અલગથી પૈસા અપાયા હોય) હોય એટલે કે તમે ટીવી ચાલુ કરો એટલે એક ચેનલ તો તરત ઑટોમેટિક આવી જાય અને પછી તમારી મનગમતી ચેનલનો નંબર દબાવો તો પણ બીજી પ્રિલૉડેડ ચેનલ આવે અને પછી તમારી મનગમતી ચેનલનો ફરીથી નંબર દબાવો ત્યારે તે ચેનલ જોવા મળે.

તેમાંય જો તમે પંદર કે મહિનો દિવસ બહારગામ ગયા તો ઘરે પાછા ફરો તો ચેનલો ન આવે. પૈસા આપેલા હોય તોય ચાલુ કરવા માટે સર્વિસ પ્રૉવાઈડરને જાણ કરવાની ! અને એક ગ્રાહક તરીકે પીડિતોમાં માત્ર ગરીબ કે મધ્યમવર્ગીય લોકો હોય છે તેવું નથી હોતું, ધનિક અને પહોંચતો વર્ગ પણ હોય છે, પરંતુ ફરિયાદ કોણ કરે? દા. ત. કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ઍર ઈન્ડિયામાં તૂટેલી બેઠકની ફરિયાદ કરી હતી. પરંતુ પછી શું થયું?

કાશ, ગ્રાહકની પણ કોઈ મતબૅંક હોત ! ■

jaywant.pandya@gmail.com

# સરકાર, વિપક્ષ, સોશ્યલ મીડિયા, કુદરત અને ખેડૂત......

ગુજરાતમાંથી બે વસ્તુઓ સદંતર ગાયબ થઈ ગઈ છે. એક કિસાન નેતા, બીજું કિસાન સંગઠન. આજે આગેવાનના નામે હવાલદારો ગાંધીનગરમાં આંટા મારી રહ્યા છે. સિઝનલ આગેવાનો ખેડૂતો માટે ગ્રોસના ભાવે ઉપલબ્ધ છે, બસ નજીકમાં ચૂંટણી હોવી જોઈએ. કોઈપણ વર્ગ સરકાર કે અન્યાય સામે જયારે અવાજ ઉઠાવવા નીકળે ત્યારે પાયાની બે ત્રણ બાબતો જરૂરી હોય છે. એમાંની બે મુખ્ય છે, સંગઠન અને નેતા. જો પીડિત વર્ગ પાસે સંગઠન હોય, અને મજબૂત નેતા હોય તો અવાજ પહોચાડવો સરળ બની રહે છે. સરકારે સાંભળવું પડે છે. વિધાનસભાની અંદર કે બહાર હોય, કોઈ ફરક પડતો નથી. આજે સ્થિતિ એવી છે કે ખેડૂતો વતી સરકાર સાથે કે સામે બેસવા માટે કોઈ સર્વમાન્ય ચહેરો જ નથી. જે છે એ વ્યક્તિઓ અને પક્ષો લેભાગુ છે, ચૂંટણીઓ કે મુદ્દાઓ ટાણે પ્રગટ થઈને પોતપોતાના દરમાં પેસી જાય છે. સત્તાપક્ષના જે ખેડૂત નેતાઓ છે એણે શિસ્તની લાજ કાઢવી પડે છે. કુલ જીડીપીમાં આશરે પંદર ટકા અને રોજગારીમાં લગભગ ચાલીસ ટકા હિસ્સો ધરાવતા ક્ષેત્ર પાસે કોઈ સુગઠિત સંગઠન નથી. જે સંગઠનો છે એ સરકાર સાથે આગેવાનોની અંગત સોદાબાજી કરતા દગાખોર સંગઠનો છે. જેણે પાવડાનો હાથો ક્યારેય પકડ્યો નથી એવા વ્હોટ્સએપ અને ફેસબુક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો ખેડૂતોના ધરાર આગેવાન થવા હવાતિયા મારી રહ્યા છે.

ખેડૂતોએ સમજી લેવું પડશે કે આનો કાયમી ઉકેલ સોશિયલ મીડિયા પર નહિ આવે, રાજકીય પક્ષો મત માટે અને ન્યૂઝ ચેનલો ટીઆરપી માટે ગીધ દ્રષ્ટિથી જુએ એ સ્વાભાવિક છે. એ પોતાનો રોટલો શેકીને જતા રહેશે. પત્રકારો પણ પોતાની દુકાન સજાવવાના સામાન તરીકે ખેડૂતોના હામી થવાના બેનરો લગાવીને બજારમાં આવી જશે. ટીઆરપી બટોરીને ગલ્લો ગણી લેશે યા તો રાજકીય જમીન ફંફોસવા લાગશે અને કોઈ પક્ષના કાર્યાલયમાં આંટાફેરા કરીને ચૂંટણીમાં ઝંપલાવી નાખશે જો જીતશે તો નેતા બની જશે અને હારશે તો પોતાની યુ ટ્યુબ ચેનલ ખોલીને ગામને ગાળો ભાંડવા બેસી જશે. વિરોધ પક્ષ ચૂંટણી કેટલી દૂર છે, એ તીવ્રતાથી મુદ્દો ઉઠાવશે, જેમ અત્યારે આમ આદમી પાર્ટી દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે, એમને ખબર છે કે ટૂંક સમયમાં સ્થાનિક પંચાયતોની ચૂંટણી આવી રહી છે. કૉંગ્રેસ તરફથી તો એ પણ ઓછું દેખાઈ રહ્યું છે. દરેક વિરોધ પક્ષ માટે આમ કરવું સ્વાભાવિક છે.

ખેડૂતોને પોષણક્ષમ ભાવો નથી મળતા એ ક્યાંય સાબિત કરવાની જરૂર ખરી ? ખાતર, બિયારણ, મજૂરી, પેસ્ટીસાઈડઝ, ખેતઓજારો કે ખેતીને લગતી કોઈપણ ચીજવસ્તુના ભાવ છેલ્લા દસ વર્ષમાં જેટલા વધ્યા છે, તેની સાપેક્ષે ખેતપેદાશોના ભાવ વધ્યા છે ? 'જગતનો તાત' શબ્દ રાજકારણે રાજકીય બનાવી દીધો છે. કોઈ રાજકીય પક્ષના હાથા બનવાના બદલે કાયમી ઉકેલ માટે ખેડૂતો દશ વર્ષ સંગઠિત થઈને અવાજ ઉઠાવે તો કઈક અંશે કુદરત સામે મુકાબલો થઈ શકે. ઉકેલ હાથ લાગવાની શક્યતા હજુ પણ રહેલી છે. તજજ્ઞો દ્વારા ખેતીની પ્રગતિ માટે જે ચર્ચાય છે એ ઉકેલો અમલીકરણમાં એટલા સહેલા નથી. કોઈ ફૂલપ્રૂફ સિસ્ટમ વિકસાવવી લગભગ શક્ય નથી, કારણકે જેની સામે બાથ ભીડવાની છે એ સામા છેડે કુદરત છે.

**રાજકીય રસધાર**

**પ્રવીણ માધાણી**

ખેતીમાંથી વંશ પરંપરાગત પેઢીનું પલાયન અન્ય એક મુખ્ય કારણ છે. ખેડૂતોની આજની પેઢીએ એક યા બીજા કારણોસર શહેર બાજુ રુખ કર્યા સિવાય છૂટકો નથી. જેના લીધે ખેતી કોણ સંભાળશે એ અંગે એક અનિશ્ચિતતા ઉભી થતી જાય છે. આજે મોટાભાગની ખેતી ભાગીદારો પર નિર્ભર છે. ભાગીદારો મળવા અનિશ્ચિત છે. જે વ્યવસાયમાં અનિશ્ચિતતા આવે ત્યારે ચારેબાજુથી જોખમ વધી જાય છે. ખેતી આકાશી રોજી છે. બાકી બધી જગ્યાએ કામનું વળતર નિશ્ચિત છે. નોકરિયાતોને પહેલા અઠવાડિયામાં ગત મહિનાનો પગાર નિયત સમયે નિયત રકમમાં જમા થઈ જવાનો છે. સરકારી કે ખાનગી બંને નોકરીમાં તમારા ખરાબ દેખાવ કે અપલખણ સિવાય કોઈ કાઢી મુકવાનું નથી. અનિશ્ચિતતાનું પ્રમાણ ખુબ ઓછું છે. ધંધામાં મંદીની અનિશ્ચિતતા જેવું ખરું, પણ સામે જોખમ ઉઠાવવાથી વળતર પણ ખુબ મોટું મળી રહે છે. ઘણા ધંધાદારીઓ થોડા વર્ષોમાં હરણફાળ પ્રગતિ કરી ગયાના ખુબ મોટા પ્રમાણમાં ઉદાહરણો મળી આવે છે. ખેતીમાં આ બંને સ્થિતિ નથી. જ્યાં સુધી પાક લણાઈને બજારમાં વેંચાઈ ન જાય ત્યાં સુધી એક ભયાનક અનિશ્ચિતતા ખેડૂતોના માથે ઝળુંબતી રહે છે.

આવકની ઉંચી અનિશ્ચિતતા અને વિકાસનો અત્યંત ધીમો દર આપણી ખેતીના મુખ્ય પરિબળો માંહેના બે છે. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ચાકરીનો ક્રમ ઉલટાઈ ગયો છે. ચાકરી એટલે કે નોકરી આજે પ્રથમ ક્રમે આવે છે, કારણ કે અનિશ્ચિતતાનું પ્રમાણ બીજાની સાપેક્ષે નહીવત છે. ખેતી ઉત્તમમાંથી કનિષ્ઠના સ્તરે પહોચી ગઈ છે. કારણ કે બીજા ક્ષેત્રોની સાપેક્ષે ખેતીની પ્રગતિ થઈ શકી નથી. હકીકત એ છે કે જે ઝડપે અન્ય વ્યવસાયોમાં આધુનિકીકરણ અમલી બની ગયું એ ઝડપે ખેતીમાં આવ્યું નથી. બીજા ક્ષેત્રોમાં મોંઘવારીની સાપેક્ષે વળતરનો દર વધ્યો છે. જે સંશોધનો બીજા વ્યવસાયોમાં થઈ રહ્યા છે, ખેતી તેના કરતા ઘણી પાછળ છે. ખેતીમાં નવા સંશોધનો લગભગ નહીવત છે. વિકસિત દેશોની તુલનાએ ભારતીય ખેતીની ઉત્પાદકતા અનેક ગણી નીચી છે. ભારતમાં ખેતપેદાશોની બજાર વ્યવસ્થા ઘણી ખામી ભરેલી છે. વાવણી કરે ત્યારે પેદાશની કિંમત અને વેચાણ થાય ત્યારે એ જ પેદાશની કિંમતનો અત્યંત મોટો તફાવત ખેડૂતની સમજ બહાર છે.

ક્વિક નોટ - ભારતીય ખેતીની કપાસની પ્રતિ હેક્ટર ઉત્પાદકતા વિશ્વની સરેરાશ ઉત્પાદકતા કરતા અર્ધી છે. જયારે ચીન, ઓસ્ટ્રેલિયા અને બ્રાઝિલ જેવા કપાસ ઉત્પાદક દેશો ભારત કરતા ચાર ગણું કપાસ ઉત્પાદન પ્રતિ હેક્ટર કરે છે. ■

production@infiniumpharmachem.com

# કકળાટ કેમ પાછો આવે છે ?

**હાસ્યાય નમઃ**

**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧)તમારી વાતમાં વાતે વાતે મગન આવે છે. તમારા આ મિત્રની અમને પણ ક્યારેક મુલાકાત કરાવો.
ડૉ. વિનોદ જાડા (જામનગર)
મગન એ કોઈ એક વ્યક્તિ નથી. દરેક વ્યક્તિમાં થોડા ઘણા અંશે મગનાઈ પડી હોય છે!

(૨)માણસ માણસને દગો કેમ કરે છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
વળી પાછો કોણે કોને કર્યો?!

(૩)સાહેબ..! આવતા વર્ષે પણ એક નોરતું વધારે છે તો એમાં બધા વાચકો સાથે મળીને આયોજન ગોઠવીએ તો કેમ રહેશે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
આયોજન ગોઠવવું છે કે કાર્યક્રમ?!

(૪)કકળાટ કેમ પાછો આવે છે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
એની ટિકિટ કન્ફર્મ નહી થતી હોય!

(૫)ક્યાં લેખકને ઉત્તમ ગણવો?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
જેનો કંટાળા ઉપરનો લેખ વાંચીને પણ કંટાળો ન આવે એ લેખક ઉત્તમ ગણાય!

(૬)તમને નથી લાગતું કે આપણે સૌ ખોટા રસ્તે જઈ રહ્યા છીએ?
દર્શન પટેલ (વડોદરા)
પહેલા એ નક્કી થવા દો કે આપણે સૌ જઈ રહ્યા છીએ કે આવી રહ્યા છીએ?!

(૭)વાંઢાને સાળો કેમ નથી હોતો ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
સાળો ઘેર આવે તો જમવાનું કોણ બનાવે?!

(૮)જમાઈને દશમો ગ્રહ કહેવાય તો નવલી વહુને શું કહી શકાય?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
કેમ? એના ફઈબાએ હજી એનું કાયદેસર નામ નથી પાડ્યું?

(૯)માપસર બોલવું એટલે કેટલું બોલવુ?
પરમાર હર્ષિદા ટી. (વા-સાજીત્રા પાટણ )
માપસર બોલવું એટલે બકબક નહી કરવાનું.. માત્ર એકવાર બક કહી ને બંધ થઈ જવાનું!

(૧૦)આ વરસે લગ્નમાં શું લઈને જવાય? રેનકોટ, છત્રી કે સ્વેટર? તારક વ્યાસ (સુરત)
પૈસા લઈને જવાય. જે જરૂર પડે એ ગામમાંથી ખરીદી લેવાય અને જરૂર ન પડે તો એ પૈસાનો ચાંદલો લખાવી દેવાય!

(૧૧)મહિલાઓ પેન્ટ- ટીશર્ટ પહેરે છે; પુરુષો ચણીયા-ચોલી પહેરવાનો અનુભવ કેમ કરતા નથી ?
કનુભાઈ પરમાર (દામનગર)
પુરુષ ક્યારેય મહિલા સમોવડિયો ન બની શકે!

(૧૨) એટીએમમાંથી પૈસા જેટલા લખીએ એટલા જ આવે છે વધારે ક્યારેય નથી આવતા. તો તે કેમ ક્યારેય ભૂલ નથી કરતું?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
કેમ કે એ મેડ ઈન ચાઈના નથી.

(૧૩)આપને સફળતા શેમાં મળી ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલીયા મોટા)
બસમાં ગિરદી હતી તો પણ સીટ મેળવવામાં.

(૧૪)આ ચણિયા ચોળી તો બરોબર પણ આ ચણિયા ટોળી તમે જોઈ? ડૉ. હિતેશ વામજા (ધારી)
હા, નવરાત્રીમાં એક દુકાને ચણિયાચોળી ભાડે લેવા આખી ટોળી આવી હતી!

(૧૫)સાહેબ કાળી ચૌદશનાં દિવસે મારો પગ કુંડાળામાં પડી ગયો છે. શું કરવું?
સંજયભાઈ જોશી (બાબરા)
એનો અર્થ એ થયો કે તમે ગમે એવા કુંડાળાંને પગ નીચે દબાવી શકો એવા સક્ષમ છો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# શિયાળાની સવારનું ધુમ્મસ ક્યારેક જિંદગીમાં પણ ઉતરી આવે છે...!



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

બહુ શરૂઆતમાં ઠંડીની મોસમમાં જે ખુશનુમા વાતાવરણ હતું તે હવે ફરી પાછું આવશે. શિયાળાની મોસમમાં વહેલી સવારે ઊઠીને ખુલ્લા આકાશ તળે સ્વૈરવિહાર કરવાનો લ્હાવો લેવા જેવો હોય છે. જેઓ ચૂકી ગયા હોય તેમને માટે હજુ થોડા દિવસોનો શીતકાળ બાકી છે. વહેલી સવારે ગામના પાદરે કે શહેરની બહાર ક્ષિતિજ સુધી નજર નાખો તો એનો અનુભવ જુદો છે. ક્ષિતિજો દેખાતી હોય એવા વિસ્તારોમાં પરિભ્રમણ કરવું એ પણ એક લ્હાવો છે. સૂર્યના કિરણો પૂર્વના ઊંચા આકાશમાં ઉદયમાન થાય અને ક્ષિતિજને પેલે પાર ઊંડેથી સૂર્યનારાયણના પડઘા સંભળાય એ સમયે શય્યા અને ગૃહનો ત્યાગ કરવો જોઈએ. એ સમયે આંખને પહોંચવું હોય ત્યાં સુધી પહોંચી શકતી નથી. નજર તો સલામત હોય છે. પરંતુ ધારે એવું કંઈ જોઈ શકતી નથી કારણ કે આકાશમાં ધુમ્મસનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. ધુમ્મસ માણવા જેવું વાતાવરણ છે. ધુમ્મસ વહેલી સવારની થોડા સમય માટેની એક સ્વતંત્ર મોસમ છે. ધુમ્મસ નજીકમાં દેખાતું નથી પણ જે દૂર હોય એને નજીક દેખાવા દેતું નથી. ધુમ્મસ હોય છે તો આંખોમાં પરંતુ તેનું પ્રભુત્વ વાતાવરણ પર એવું છે કે રસ્તા પર આવનારો વળાંક એ આપણી આંખ સુધી પહોંચવા દેતું નથી. એટલે કે જે પથ પર આપણે પ્રવાસ કરીએ છીએ એનો હવે પછી જ વળાંક અને આપણી આંખ વચ્ચે ધુમ્મસ પડદો બની જાય છે. એટલે ધુમ્મસ જ આપણી અજ્ઞાનતા બની જાય છે. વહેલી સવારનું ધુમ્મસ તો સૂરજ ઉપર ચડે ત્યાં સુધી ટકે છે અને પછી વિખેરાઈ જાય છે. પરંતુ જિંદગીમાં ધુમ્મસ એમ ઝડપથી વિખરાતું નથી. આપણી જિંદગી પણ શિયાળાની વહેલી સવાર જેવી જ છે. આવતીકાલે થોડા કોઈ જોઈ શકે છે કે જિંદગીના હવે પછીના વળાંક કેવા છે ને ત્યાં કોઈ જાણે છે કે હવે પછી શું ? દરેક મનુષ્યની વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જિંદગીમાં એક ધુમ્મસ તો હોઈ શકે છે. ધુમ્મસ એટલે ભવિષ્ય વિશે અજ્ઞાનતા અને એ તો દરેક મનુષ્ય પર છવાયેલી છે. તો પણ કોઈ કુશળ વાહનચાલક ગાઢ ધુમ્મસમાં પણ અકસ્માત ન થાય તે રીતે પોતાની ગતિ શરૂ રાખે છે. એ જ રીતે આપણી જિંદગીને પણ આપણે ધુમ્મસ હોવા છતાં સતત પ્રગતિ માટે આગળ ધપાવવાનું કામ ચાલુ રાખવાનું છે. કારણ કે જિંદગીમાં આપણી તપશ્ચર્યા, પરિશ્રમ અને પુરુષાર્થનું તેજ જેમ જેમ વધતું જાય તેમ તેમ ધુમ્મસ વિખરાતું જાય છે. શીતકાલીન રાત્રિઓનું સૌન્દર્યવિધાન કેવું છે ? આપડી ગીર કાંઠાની નદીઓના વહેતા જળના અવાજ સાથે કાંઠાળ વૃક્ષરાજિમાંથી વહી આવતા સૂસવાટાઓ ભળે, કુદરતના ધ્વનિઓ હળેમળે ને જે સિમ્ફની રચાય એ જ અસલ ધ્યાન છે. શિયાળામાં ચડતી કળાનો ચન્દ્ર હોય ત્યારે ચકોર સિવાયના પંખીઓ પણ ચકોર બની જાય. ઠંડીથી બચવા ઘનઘોર ડાળી વચ્ચે પંખીઓ રાત પસાર કરે તો આભમાં ઊંચો ચન્દ્ર એને ન દેખાય. ચન્દ્ર અલપઝલપ દેખાય. શીતકાળમાં પંખીઓની ચન્દ્રપ્રીતિ વધે કારણ કે એને એવો ભ્રમ રહે કે અહીં પણ સૂર્ય જેવી ઉષ્ણતા મળશે. કારણ કે ચન્દ્ર અને સૂર્ય હોય છે તો એ જ એક આભના આસને. એ ભ્રમમાં જ પંખીઓની રાત પસાર થાય ને ત્યાં તો ખરેખર જ સૂરજ આવી પણ જાય. ભ્રમ જ એ પંખીઓને સત્ય સુધી પહોંચવાની વેળા આવે ત્યાં સુધી ટકાવી રાખે. અનેક કિસ્સાઓમાં કુદરત ભ્રમની જાળ પાથરતી જોવા મળે છે. કદાચ એ એવી આશાનો તંતુ હોય છે જેનું ફલિતવ્ય એ જ હોય છે જે જાતક કે જીવાત્મા ઈચ્છે છે. ગ્રીષ્મમાં કુદરત હરણ સામે અનંત જાળ પાથરે છે. એને લાગે છે કે આ જળ છે અને હોય છે ઝાંઝવા. જળ હોવાનો એવો આભાસ પથરાઈ જાય કે હરણના પગમાં તરસ પ્રવેશી જાય ને એ દોડવા લાગે. હમણાં જળ મળશે એમ માનીને હરણ આગળ ને આગળ દોડે... થાકે તો ફરી એ ઝાંઝવાના જળ એની આંખે પ્રવેશીને એને સાદ કરે... ને ફરી એ દોડે... ઝાંઝવા તો ઝાંઝવા જ હોય છે પરંતુ એમ દોડતા દોડતા આખરે હરણ ત્યાં સુધી પહોંચી જાય છે જ્યાં ખરેખર જળ છે. જો ઝાંઝવાએ હરણને દોડાવ્યું ન હોત તો હરણ ત્યાં જ હોત જ્યાં વધતી જતી તરસ આખરે મૃત્યુને લઈ આવવાની હતી. ઝાંઝવા જ ખરેખર તો હરણનું પરિચાલક અને સંજીવક પરિબળ છે. બહુ વિખ્યાત કથામાં તળાવ વચ્ચે આખી રાત ઠંડીમાં ઊભા રહેનાર નાગરિકને રાજા અકબરે ઈનામ આપવાની ના એટલે પાડી કે અકબરના એક મંત્રીએ કહ્યું કે જહાઁપનાહ એ માણસને આખી રાત મહેલનો દીવો તો દેખાતો હતો હતો અને એ દીવાની ગરમી એને મળી એટલે એને ઠંડી ન લાગી. એટલે અકબરે ઈનામ આપવાનો ઈન્કાર કરી દીધો. પછી બિરબલે એને ન્યાય અપાવીને ઈનામ અપાવ્યું એ જુદી વાત છે. પરંતુ હકીકત તો એ જ છે કે દૂર દેખાતા દીવાના તેજને કારણે જ પેલાના અંતઃકરણમાં ટકી રહેવાની તાકાત આવી હોય. એ દીવો ન હોત તો તળાવમાં એ શિયાળાની આખી રાત પસાર ન કરી શક્યો હોત. પંખીઓ ચન્દ્રને પણ સૂરજ ધારી લે છે ને એ ધારણામાં જ ખરી સવાર પડે છે. જિંદગીમાં અનેક વળાંક એવા આવે છે કે આપણે આગળની ધારણા કરવી પડે. એ ધારણા સાચી પડે ને ન પણ પડે. પણ એ ધારણા સિવાય તો વળાંક પાર ન કરી શકાય. હરણની મર્યાદાનો વિચાર કરીને કુદરતે ઝાંઝવાની જાળ બિછાવી છે. આપણે જેને આપણી ગણતરી, અનુમાન, આયોજન કે કલ્પના કહીએ તે પણ ક્યારેક ઝાંઝવા હોય છે. એ પણ ધુમ્મસનું જ એક રૂપ કહેવાય. જો એ ઝાંઝવા કુદરતી હોય તો જળ સુધી પહોંચી જવાય છે. પણ એ ઝાંઝવા માણસજાતે બનાવેલા હોય તો નક્કી નથી કે એ જળમાં પરિણત થશે કે નહિ. શિયાળાની રાત પસાર કરવામાં પંખીના શરીરને પોતાની જ પિચ્છસમૃદ્ધિ રજાઈ જેવી કામમાં આવે છે પણ એના જીવાત્માને કામમાં આવે છે આશા. થોડી રાત્રિઓ તો સાવ અંધારઘેરી હોય. પંખી ન હલે કે ન ચલે. જે જ્યાં છે ત્યાં સ્તબ્ધ થઈ જાય. જાણે કે ડૂબતા સૂરજે એમને 'ઈસ્ટોપ' ન કહ્યું હોય ! મનુષ્ય કુદરતી અને કૃત્રિમ એવા બે પ્રકારના ઝાંઝવામાં ફસાયેલો દેખાય છે. સૌને પોતપોતાના ઝાંઝવાની જંઝાળ વળગેલી છે તે એમાં કોણ કોને બહાર લાવે. આ સંયોગોમાં એવું જો કોઈ મળી જાય કે જેને પોતાને કોઈ જાળ, ઝંઝા કે ઝાંઝવા વળગેલા ન હોય તો એ આપણને ઉગારી શકે. એવો કોઈ સત્પુરુષ કે સન્નારી આ જગતમાં જડવા સહેલા નથી. જ્યાં સુધી ખરા માર્ગનું દર્શન કરાવનાર ન મળે ત્યાં સુધી કોઈ તરસ, કોઈ તૃપ્તિ સુધી પહોંચતી નથી અને એ જ આ સંસારની સૌથી મોટી વિષમતા છે. સામાન્ય રીતે આ હવા, આ રાત અને આ ચાંદનીને આપણે વસંત અને ગ્રીષ્મમાં જ માણતા હોઈએ છીએ પણ જેમણે જાતે 'ઘડ્ય' અને 'ઘડ્ય' ઉકેલવી હોય એમણે કુદરતના રૂપ સાથે વિરૂપને પણ આત્મસાત્ કરવા જોઈએ કારણ કે જેમ દરેક યુદ્ધના ઉકેલની માસ્ટર કી એની પ્રારંભિક અથડામણોમાં છુપાયેલી હોય છે તેમ જિંદગીના દરેકે દરેક પ્રકારના સંઘર્ષનો ઉકેલ કુદરતના વિરૂપમાંથી મળી શકે છે. નિઃશંક રીતે આ જુદી જ જગ્યાએ છુપાવેલો ખજાનો છે પણ પ્રયત્ન કરવા જેવો છે. હવાઓ જ્યારે હિમવર્તી બને છે ત્યારે એ પંખીઓના પિચ્છગુચ્છને ભેદીને ભીતર પ્રવેશવા લાગે છે. ત્યારે આશાનો એક અમથો તાર અભેદ્ય કિલ્લો બનીને હિમપ્રપાત શા સંયોગોને આડો હાથ દઈ રોકે છે....ને પછી રાત પસાર થઈ જાય છે. જિંદગી ક્યારેક અંધારી રાતનો વેશ ધારણ કરીને આવે ત્યારે સંસારના સર્વ દીપ બુઝાઈ ગયા હોય છે અને માત્ર ભીતરના અજવાળાં જ ત્યારે કામ આવે છે. આપડો મલક વનરાજિથી રાજી રહેનારો છે. ગુજરાતના કોઈ પણ જિલ્લા કરતાં આપડે પર્યાવરણની સભાનતા અધિક છે. વૃક્ષના વાવનારા ને ઉછેરનારા ઘેર ઘેર છે. આ શિયાળો વિદાય લે એ પહેલા વગડાઉ પ્રકૃતિની દોસ્તી કરી લેવા જેવી છે. ■

# અંધારા-અજવાળા



વાર્તા વિશ્વ



યોગેશ પંડ્યા

દિનકરરાયને ખબર જ હતી કે આટલી વાત થયા પછી, જેવો હું પેલો પ્રશ્ન પૂછીશ એટલે ફોન કટ થઈ જવાનો! અથવા તો સામે છેડેથી 'પ્લીઝ, પપ્પા સંભળાતું નથી, મોટેથી બોલોને...'...કે પછી ' કવરેજ જ નથી આવતું પપ્પા, બે મિનિટ પછી ફોન કરું છું ...'કે પછી, 'એક મિનિટ હોં, હું જરા બીઝી છું આ બાબતે નિરાંતે વાત કરું છું..'..એવું સંભળાશે. પણ છતાંય બાપ હતો ને પોતે? હૃદયમાં ધબકતા પોલાણો વચ્ચે, દીકરા-વહુ-બાળકો પ્રત્યેની મમતનું ઘર બાંધી રાખ્યું હતું અને એ ઘરને સપનાનાં દીવડાથી ઝળહળ કરી રાખ્યું હતું કે કયારે પોતાનો દીકરો, એના બે નાના ટબૂડિયા બાળકો અને રુમઝુમ કરતી વહુ આવે અને એ હૃદયની અંદર શણગારી રાખેલા ઘરમાં અને આ ઘરમાં પણ કિલકારીઓ વહેતી થઇ જાય!!.

દીકરાનાં 'પપ્પા' 'પપ્પા' નો સ્વર પમરાટ અને વહુની ઝાંઝરીનો ઝણકાર સંભળાય. પરંતુ, એમના ધારવા મુજબ જ, દીકરા, 'દીવાળી ઉપર હવે કયારે આવો છો?' ' તમે ગઈ સાલે ય દીવાળી ઉપર નહોતા આવ્યા અને ઉનાળામાં તો તારે જાપાન જવાનું થયું ટ્રેનિંગમાં, એટલે ન આવી શક્યો પણ હવે તો એક આખું વરસ પૂરુંય થવા આવ્યું... આ, તારી મમ્મી પણ તમને બધાને યાદ કરી કરીને...

એટલે, ' તમે કયારે આવો છો હવે?'' જેવું પૂછાયું કે તરત જ 'એક મિનિટ હોં પપ્પા...અત્યારે મારા બીજા ફોનમાં અમારા ચેરપર્સનનો ફોન આવે છે, નક્કી કોઇ દીવાળી ઈસ્યુ માટે જ બોલાવતા હશે, વીલ કોલ યુ, બાય પપ્પા'' કહી મૂકી જ દીધો. !!

અને દરિયામાં અગ્નિ પ્રગટાવી દે એવો ફળફળતો નિશ્વાસ દિનકરરાયના હૈયામાંથી નીકળી જ પડ્યો. શરીરની તમામ ઉર્મિઓ થીજી ગઈ. રીસીવર, કાન અને હૃદયનાં કંપનો વચ્ચે શૂન્યતાનું લોલક આમથી તેમ ભટકતું રહ્યું....!

દીકરો 'બે મિનિટ પપ્પા...ફોન હોલ્ટ ઉપર રાખો..' એવું પણ કયા કહી શક્યો..? નહિંતર તો ફોન તો પોતે કર્યો હતો. દીકરાએ નહી..! અને આમ પણ સામેથી તો દીકરાને ફોન કરવાનો સમય જ કયાં મળે છે? આ તો અઠવાડિયા જેવું થઇ જાય પછી હૈયું હાથમાં નથી રહેતું! હા, એમ થઇ જ જાય કે ચાલો, દીકરાને ફોન કરું અને ખાસ તો મુદ્દલને વહાલું વ્યાજ હોય એ તો બધું લોહીના ખેંચાણે અને એ નાતે પૌત્ર-પૌત્રી સાથે વાત કરવાનું દાદાનું હૈયું બહાના શોધતું રહે છે. પરિવારની અને ખાસ તો બાળકોની ચિંતા પણ રહેતી હોય છે એમને! એટલે તો જ્યારે પણ વાત થાય ત્યારે દાદાની લાગણી બોલી ઉઠે છે કે, બેટા, બન્ને છોકરાની તબિયત જાળવજો...

પણ સામે છેડેથી '' પપ્પા... મારે તમને કેટલી વાર કહેવું કે એવી નાહકની ચિંતાઓ કરી કરીને ફોન નહી કરવાના. પણ તમે માનો છો જ કયાં? ફોગટની ચિંતા કરી કરીને બી.પી. વધી જશે તો દોડાદોડી કોને? મારે જ ને?''

દિનકરરાય અત્યારે પણ કરુણતા ભર્યુ હસ્યા. બાપ માટે ખાલી એકવાર ખાલી આવવું પડ્યું એમાં તો દીકરાને દોડાદોડી લાગે છે.! ક્યાં અલોપ થઇ ગયો? કયાં વરાળ બનીને ઊડી ગયો બાપ-દીકરાનો સંબંધ?

* * * * * *

''મૂકી દીધો ને?'' દિનકરરાયની પાછળ જ ઉભેલા કુસુમબહેને જરી કટાક્ષથી અને જરી ખટાશથી પૂછયું.

'હા' 'ના' 'હા' અસમંજસ પણે માથું ધૂણાવતા દિનકરરાયને વ્યર્થ ડોકુ ધૂણાવતા જોતાં જોતાં કુસુમબેને એકદમ સ્પષ્ટ રીતે કહી દીધુંઃ ''નાહકની સોનાની જાળ પાણીમાં નાખ્યા કરો છો તમે..! તમે હવે સમજી જાવ કે, એને આપણી સાથે કોઇ નિસ્બત જ રહી નથી પછી શું છે!

''બાપુ છું ને એટલે....'' દિનકરરાયનો ડૂમો તૂટી ગયો અને કીચુડ કીચુડ રડી પડ્યા!

આંસુ તો છેક આંખોના ઊંડાણેથી નવાણ જેમ ફૂટીને છેક પાંપણને પાર કરીને ગાલ સુધી રેલાઈ આવ્યા!. અને હૈયામાં તો સૂનામી ફૂંકાઇ રહ્યું હતું.!!

કુસુમબેન નજીક આવીને પતિનો હાથ, પોતાના હાથમાં લઇને પંપાળી રહ્યાઃ ''સમજુ છું, ખૂબ ઊંડાણથી સમજુ છું- તમારા દિલને! અગિયાર વરસનો થયો ત્યાં સુધી તમે એને ખંધોલે ચડાવીને હિંચકા ખવડાવ્યા છે. તમે ઘોડો ઘોડો થતા અને તમારી પીઠ ઉપર ચડીને બેસતો, ત્યારે એ આઠ વરસથી નાનો નહોતો !! એ એસ.એસ.સી.માં હતો અને એ રાત્રે વાંચવા બેસતો ત્યારે તમે પણ આખી આખી રાત ઉજાગરા ખેંચ્યા છે અને એને એન્જિનીયરનું ભણાવવા તમે તમારો નોકરીમાં કેટલો ઓવરટાઇમ ખેંચ્યો છે એ મારા જેટલું તો કોણ જાણતું હોય? એને એમ.બી.એ. કરવું હતું ત્યારે તમે તમારું એકમાત્ર ઘરેણુંઃ વીંટી; એ વીંટીને વેચી આવ્યા હતા અને આઠ હજાર એની એડમિશન ફીના ભર્યા હતાઃ એ હું ભુલી નથી ગઇ, પણ એ નક્કી ભૂલી ગયો...

* * * * * *

''બાપુજી...કેમ છો?'' સવારમાં હજી તો સાત વાગ્યાં હતા અને, દિનકરરાય જાગીને બહાર આંગણામાં પડેલું છાપુ લેવા નીકળ્યાં ત્યાં જ એક યુવાન દરવાજામાંથી આવીને તેના પગમાં પડયો.

'અરે, તું કોણ છે ભાઈ?' દિનકરરાયને ઓળખાણ ન પડી, એટલે પેલો છોકરો હસી પડ્યોઃ ''બસ, બાપુજી, છ મહિનામાં ભૂલી ગયા?''

''હા દીકરા...'' કુસુમબેન પાછળ જ ઊભા રહ્યે રહ્યે બોલ્યા.: ''એ ભૂલી જ ગયા હોય..''. અને પછી દીનકરરાયને ઉદ્દેશીને જરી મોટેથી કહ્યુંઃ 'અરે, આ મણીનો દીકરો અર્જુન છે.''

''અર્જુન.?''.. દિનકરરાયે હવે ઝાંખા પાંખા સ્મરણની ઉપર બાઝેલી ધૂળની ખેંપટ ઉડાડીઃ 'અરે, અર્જુન, તું તો મોટો થઇ ગયો..'' ''એમ.બી.એ. કરું છું બાપુજી, હું જયપુર છું.''

દિનકરરાય અર્જુનનાં 'એમ.બી.એ. કરું છું...'' શબ્દો ઉપર સજ્જડ થઇ ગયા. કુસુમબહેનને ખ્યાલ આવી ગયો કે ગાડી અવળા ટ્રેક ઉપર ચડી ગઇ છે એટલે દિનકરરાયને એણે સમજાવટ અને માર્ગદર્શનનાં સૂરે કહ્યું ''અર્જુન દીવાળીની રજાઓમાં આવ્યો છે, છ મહિને તમારી પાસે પહેલીવાર આવ્યો છે, એને લક્ષ્મીજી રૂપી પ્રસાદ તો આપો''

''અરે હા..હા..''...કફનીનાં ખિસ્સામાંથી દસ દસની નવી કડકડતી નોટોનું બંડલ દિનકરરાયે બહાર કાઢ્યું અને એમાંથી દસ દસની દસ નોટ અને એક રૂપિયાનો સિક્કો કાઢીને અર્જુનને આપ્યાઃ 'લે બેટા..'

'ના બાપુજી... હું તો ફકત તમારા આશીર્વાદ લેવા આવ્યો છું.'..જયપુરથી રાત્રે બે વાગ્યે આવ્યો. અત્યારે જાગીને તૈયાર થયો, તે પહેલા જ થયું કે સૌથી પહેલા બાપુજીને મળતો આવું અને આશીર્વાદ લેતો આવું...'' એમ કરતા ફરી ફરીને ઝૂકયો.

દિનકરરાય ભારે હૈયે તેને તાકી રહ્યા. હૈયે ભાર, આંખોમાં ભીનાશ!

* * * * * *

બપોરે મણી કચરા-પોતા કરીને કુસુમબહેનને કહેતી હતીઃ 'વેકેશન પડી ગયું છે. છોકરાવ ભેગા થયા છે માંડ બિચારા... આજ હું હવે નીકળુ છું કાલે સવારે આવીશ..''

સુમન અને દિનકર તેની આંખોમાં તાકી રહ્યાં. દીવાળીનાં તહેવારોનો ઉજાસ, ઉત્સાહ તેનાં તનના સમગ્ર રોમે-રોમમાંથી પ્રગટતો હતો. છોકરાઓ ભેગા થવાની અને છોકરાવને તેના ભેગા રહેવાની તત્પરતા અછાની રહી નહોતી.!

મણી જતી રહી અને ઘરમાં ખાલીપો ફરી વળ્યો. આ બાજુ ડો.ગર્ગનાં મકાનમાંથી હસી-ખુશીનાં અવાજો આવી રહ્યાં હતા. સામે પંજવાણીના બન્ને છોકરાઓ પરિવાર સાથે આવી ગયા હતા. તો, ડાબી તરફ પ્રો.પંડ્યાના આજના ખડખડાટ હાસ્યનો અવાજ હવામાંથી તરી આવતો હતો.

આમને સામને રહેલા બધા જ ઘરમાં દીવા પ્રગટી ચૂક્યા હતા.

'દીવા નથી મૂકવા?' ''તેણે પત્નીને કહ્યું પણ આ જ કદાચ પત્નીના ઓરતા ભાંગી પડયા હતા. હૈયે લાગી રહેલા વારંવારના ઘાવ આજે નિંગળતા હતા.!! એ કશું બોલી નહી. નિશ્વાસ નાખીને ચાલતી થઇ ગઇ. દિનકરરાયના હૈયે દર્દ છલકાઈ ઉઠ્યું અને આંખોમાં ભીનાશ!!

* * * * * *

રાત્રે જમીને એ હીંચકા ઉપર. બેઠાં કે મણીનાં ત્રણેય છોકરાવ. : અર્જુન, ગૌરી અને ભાવેશ આવી પહોંચ્યાઃ ''..બાપુજીઇઇ.. '' કરતા ત્રણેય પગે પડ્યા.

'અરે..અરે...અરે..' દિનકરરાય ત્રણેયને તાકી રહ્યાં. ત્રણેયે નવા નવા કપડા પહેર્યા હતા.

'અરે અર્જુન..' દિનકરરાયને યાદ આવ્યું,: ''તારી મમ્મીને મેં હજાર રૂપિયા ફટાકડા લેવા માટે જ આપ્યા છે, તમે ફટાકડા નથી લીધા કે શું હજી સુધી?''

''એ બધું પછી બાપુજી,... પહેલા એ બતાવો કે દીવડા કયાં મૂકયાં છે? એક આપણું ઘર છે, જયાં દીવડા પ્રગટયાં નથી.''

''હા બાપુજી... ચાલો ચાલો... કયાં મૂક્યા છે? અમને પ્લીઝ, મદદ કરો...''. નાનો ભાવેશ તો કુસુમનો હાથ પકડી બહાર જ લઇ આવ્યોઃ ''ચાલો..ચાલો.. પહેલા દીવા મૂકીએ, પછી રંગોળી કરીએ અને પછી ફટાકડા ફોડીએ..'' ''યસ્સસસ..'' અર્જુન અને ગૌરીએ ચીચીયારી અને તાળી પાડીને વાતને વધાવી જ લીધી.

આ બન્ને વૃધ્ધોનાં હૈયામાં ઉત્સાહનો થોડો થોડો સંચાર થઇ રહ્યો. પછી તો દીવડાય સુમન-દિનકરે જ પ્રગટાવ્યા અને દિવેલ પણ એમણે જ પૂર્યુ. 'અરે, તમે પેલી સિરીઝ લઇ આવ્યા છોને? કુસુમ પણ ઉત્સાહિત સ્વરે પૂછતી હતીઃ ''ક્યાં મૂકી છે એ?''

''એ તો હમણાં હું લઇ આવું છું કુસુમબા...'' અર્જુન ઠેકડો મારીને અંદર ગયો જાણે દીકરાનો દીકરો મોટો થઇને પોતાનાં ઘરમાં દોડીને આવ-જા કરી રહ્યો હોય એમ જ...

દિનકરરાય બડી પ્રસન્નતાથી ત્રણેય ભાઇ બહેનને તાકી રહ્યા નહીતર મણી ક્યાં પોતાની દીકરી છે? પણ દીકરી કરતાંય સવાઇ રીતે રહે છે. કુસુમ કહે છે કે પેલો તો પરદેશનાં પાટીયે જઇને બેઠો છે, એક આ દીકરી છે આપણે જેના સગા મા-બાપ નથી છતાંય સગી કરતાય વિશેષ બનીને આપણું ધ્યાન રાખે છે...- ત્રણેય જણાએ ઘડીની વારમાં રોશનીથી એવું ઘર ઝળહળાવી દીધું કે પંડ્યાની પુત્રવધૂઓને ''કુસુમવિલા'' જોવા આવવું પડ્યું...

રાત્રે મોડી રાત સુધી રંગોળી ચાલી..' એલા છોકરાવ, તમારે ઘરે નથી જવું?' દિનકરરાય પૂછતા હતા તો અર્જુને કહી દીધુંઃ ''બાપુજીનું ઘર એ અમારૂં જ ઘર કહેવાયને? અને જુઓ બાપુજી...હું તો એક જોડી નવાં કપડા પણ લઇ આવ્યો છું હું તો અહિં જ સૂઇ જઇશ..હં કે..''

* * * * * *

બેસતા વર્ષની વહેલી સવારે નહાઇ પરવારીને એ ભગવાનના રૂમમાંથી પૂજા કરીને બહાર નીકળ્યા, ત્યારે નવાં વસ્ત્રોમાં સજ્જ અર્જુન રૂમની બહાર જ ઉભો હતો. દિનકરરાય જેવા બહાર નીકળ્યા કે એ પગમાં પડી ગયોઃ ''બાપુજી, એવા આશીર્વાદ આપો કે અમને જન્મો-જનમ તમારા જેવા બાપુજી જ મળે...''

દિનકરરાયનાં આંખમાંથી ટપ ટપ ટપ... કરતા આંસુ નીકળી ગયા. દિવાળીનો તહેવાર હોવા છતાં, એક બાપને બે દિવસ પૂરતોય મળવા આવી ન શકનાર દીકરાનાં વ્હાલ માટે વલખા મારતું બાપનું હૈયું રડી પડ્યું. પૂજાની થાળી એક કોર મૂકીને એ અર્જુનને ભેટી પડતા રડી પડ્યાઃ ''એમ નહીં બેટા, પણ ઉલટાનાં ભગવાનને એટલી પ્રાર્થના કરુ છું કે તમ જેવા દીકરા મળજો અમને...''

હૈયું ખાલી થતું ગયું એમ એમ કુસુમે મુકેલા દીવડા વધુને વધુ ઝળહળ.....ઝળહળ ... થતા ગયા...!! ■

# "તો પણ.... આપણે કંઇક તો કરવું જ પડશે ને ?"




ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

''તારી જેમ મને પણ આવો જ વિચાર આવે છે શાંતુ, આપણે તેને થોડા દિવસો સાચવી લઇએ પરંતુ...'' દામલ આગળ બોલતા અટકી ગયો.

''તારે અને મારે નોકરી પણ કેવી છે, અલગ અલગ પાળીમાં સ્કૂલે જવું પડે છે. જો એક જ સમયે આપણે સ્કૂલનો સમય હોત તો વળી... વાત જુદી.'' શાંતુ બોલી.

''કાલે તેને ડયૂટી જોઇન્ટ તો કરવા દે, પછી તેના વિશે આપણે કંઇક વિચારીશું.'' દામલ આટલું બોલી શાંતુને પ્રેમથી વહાલ કરતા બથમાં ભરી લીધી. પછી, સાથે સાથે મીઠું મધુર ચુંબન પણ કર્યું.

આવું થતાની સાથે જ શાંતુ ખરેખર જ ઉત્તેજિત થઇ ગઇ. તેના શરીરમાં જાણે કે ગરમી ઉત્પન્ન થવા લાગી. તેની ઉપસેલી છાતી વધુને વધુ ફુલાવા લાગી. એથી તો આવેશમાં આવી જઇને તેણે દામલના ચહેરાને અનેક ચુમીઓથી રંગી જ દીધો ને પછી સાવ ધીમા અવાજે બોલી : '' બીજું બધું તો ઠીક દામલ, પરંતુ હવે આપણે ડોકટર પાસે કયારે જઇશું.? ''

આ ડોકટર શબ્દ દામલના કાનમાં પડઘાવા લાગ્યો. ઉત્તેજિત થવું થવું કરતા તેના અંગો, તેના બધાં કોમળ અંગો તરત જ ઢીલા થઇ સંકોચાવા માંડયા. પછી થોડું હતાશ થઇ જઇ દયામણા અને સાવ નમ્ર અવાજે ધીમેથી બોલ્યો : '' શાંતુ, ડોકટર પાસે જઇને પણ આપણે શું કરીશું ? ડોકટર તો ન પૂછવાનું પૂછયા કરશે, અરે..., તારી ને મારી જન્મકુંડળીનું ફળાદેશ પણ તે જ નક્કી કરીને આપણને સંભાળવવા લાગશે. પછી દવા આપશે. જોસની દવા, તાકાત વધારવાની દવા, સ્પર્મ વધારવાની દવા... ને એવું બધું આપશે પછી, ચિંતા તો જરાપણ નહીં કરવાની એવો ચીલાચાલુ ઉપદેશ તો આપશે જ એથી વિશેષ ડોકટર શું કરી શકે.... ?!''

''તો પણ.... આપણે કંઇક તો કરવું જ પડશે ને ?'' ચિંતિત થઇ શાંતુ બોલી એટલે હવે દામલ ચૂપ રહ્યો, કંઇ બોલ્યો નહીં.

પરંતુ... એક સમયે જ્યોતિ રોતા રોતા બોલી હતી તે શબ્દો... અને જ્યોતિની દયનીય સ્થિતિ... એ બધુ જ તેની નજર સામે તરવરવા લાગ્યું :

''દામલ..., મને મારા શરીર સાથે આવું બધું કરવાનો જરાપણ શોખ નથી. પરંતુ વિજય... મારા પતિ વિજયની જિંદગીનો સવાલ સળગી રહ્યો છે. રોજ રોજ વિજય પોક મૂકીને રડે છે.. મને પગે લાગી આજીજી કરે, કરગરે છે પરંતુ હું એક અબળા શું કરૂં ? અને દામલ..., તું સાંભળી લે : જે કોઇ પુરૂષને આવી જાતીય બીમારી થઇ હોય, આવી બીમારીથી પીડિત હોય... તેનું દુઃખ તો અતિ કષ્ટદાયક હોય છે. જેના પર આવું દુઃખ આવ્યું હોય તેને જ આવા દુઃખની સાચી ખબર પડે. અને હા, નપુસકની પીડ ।તો નપુસક પુરૂષ હોય તેને જ ખબર પડે...''

જ્યોતિના આવા શબ્દો દામલને તેના કાનમાં અત્યારે જોરથી અથડાતા રહયા, પડઘાતા રહ્યા. આમ રાતના અંધારામાં શાંતુ પાસે લાંબા થયેલા દામલે પોતાની આંખોમાં આવેલા આંસુને છાનાં છાનાં લૂછી નાખ્યા. અને પછી પડખું ફરીને જોરથી આંખો મીંચી દઇ તે ઊંડા વિચારોમાં ઘેરાઇ ગયો.

બરાબર આ સમયે ખૂબ જ ઉત્તેજિત થયેલી શાંતુ હવે સાવ ઢીલી પડી ગઇ, તે અફસોસ કરતી હતી અને પોતાની અંદરનો સળગતો બળાપો છાની છાની રડી લઇ બહાર કાઢતી હતી. પરંતુ આવો બળાપો એમ કંઇ બહાર નીકળે ?

ત્યાં તો આવા સમયે, આવા વખતે એકદમ જ શાંતુની આંખોમાં ચમક આવી. એ ચમકમાં તેની આંખની પીળી પીળી કીકીમાં એ ચમકતો ચહેરો પ્રકાશી ઊઠયો, એ ચહેરો બીજો કોઇ નહીં પણ ઉજળિયાત વરણનો એક મહત્વકાંક્ષી એવો યુવાન મહેશનો હતો...! દરેકને જાત અનુભવ એમ કહે છે કે, પોતાના શરીરમાંથી ઉદ્ભવતા જાતીય આવેગોને શાંત કરવા એ ફક્ત પોતાની જાતનું કામ નથી. એવા શારીરિક આવેગોને શાંત કરવા... સામે કોઈ વિજાયતીય એવા પરાયા અને પારકાનો સહારો લેવો આવશ્યક બની રહે છે. ને શરીરની જરૂરિયાત પ્રમાણે શરૂઆત તો હંમેશા આવા આવેગથી જ શરૂ થાય છે. એટલે તો આવા પાતળા એવા પ્રકાશમાં પણ શાંતુને મહેશનો રૂપાળો ચહેરો ખૂબ ખૂબ ચમકતો દેખાયો. એટલે તેણે તેની પોતાની છાતી પર પોતાના જ હાથ રાખી જરા દબાણ વધાર્યું હતું. પછી ઊંઘવા માટે તે ખૂબ ખૂબ કોશિશ કરવા લાગી.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદ અને સાહિત્યકારો ઉપસ્થિત રહેશે**

# આજે પરબધામ ખાતે અંજુ-નરસી-૨૦૨૫ અર્પણ સમારોહ

અમરેલી,તા.૦૮

રાજ્યના બાળસાહિત્યના સૌથી મોટા ઉત્સવમાં સંતો, રાજ્ય સરકારના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદ સહિત સાહિત્યકારો અને લોકસાહિત્યકારોની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

કુલ ૩૩ જેટલા મહાનુભાવોને પ્રતિષ્ઠિત "અંજુ - નરશી શ્રેણીના વિવિધ સન્માનો અપાશે.

આ કાર્યક્રમમાં કાયદો, ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, અર્જુનસિંહ ચૌહાણ, પ્રસિદ્ધ સાહિત્યકાર અશોકપુરી ગૌસ્વામી, ગોરધન ભેંસાણીયા અને પ્રસિદ્ધ લોકસાહિત્યકાર સુખદેવ ધામેલિયા વગેરે હાજરી આપશે. પરબધામના મહંત પૂ. કરસનદાસ બાપુ કાર્યક્રમને આશીર્વાદ આપશે.

પોતાનાં હયાત માતપિતાની સ્નેહસ્મૃતિમાં બાળસાહિત્યક્ષેત્રે વિશાળ શ્રેણીમાં કોઈ વ્યક્તિગત રૂપે એવોર્ડ આપતું હોય તો એ ઘટના ગુજરાતી બાળસાહિત્ય માટે ખૂબ જ વિરલ ઘટના ગણી શકાય. પ્રસિદ્ધ સાહિત્યકાર યશવન્ત મહેતા જેને બાળસાહિત્યના "રણજિતરામ સુવર્ણચંદ્રક" સાથે સરખાવે છે તે "અંજુ-નરશી પારિતોષિક" જાણીતા સર્જક રવજી ગાબાણી અને તેનો પરિવાર, પોતાના હયાત માતાપિતાના નામથી, તેમની સ્નેહસ્મૃતિમાં દર બે વર્ષે આપે છે.

છેલ્લાં બાર વર્ષથી બાળસાહિત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જન કરનારને અપાતાં 'અંજુ-નરશી પારિતોષિક'ને રોકડ ધનરાશિની દષ્ટિએ અને વિવિધ સન્માનોની શ્રેણીની દષ્ટિએ પણ બાળસાહિત્યનો રાજ્યનો સૌથી મોટો પુરસ્કાર હોવાનું ગૌરવ પ્રાપ્ત થયેલું છે. આ એવૉર્ડ મેળવનાર સર્જકો પછીથી ગુજરાત અને દેશના બાળ સાહિત્યક્ષેત્રના ઉચ્ચ સન્માનો મેળવવાના હકદાર બન્યાં છે. એથી આ એવૉર્ડની ગરિમા, ગૌરવ અને ઊંચાઈ સમજાય તેવાં છે. આ વર્ષથી બાળસાહિત્ય ક્ષેત્રે અપાતા આ સન્માનનું ક્ષેત્ર વિસ્તૃત કરીને સાહિત્ય ક્ષેત્રે 'અંજુ-નરશી બાળવીરતા પુરસ્કાર' આપવાના ઉપક્રમનો આરંભ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સાહિત્ય, કલા, સંસ્કૃતિ, શિક્ષણ અને સમાજસેવા માટે પણ વિશિષ્ટ વ્યક્તિઓને પ્રતિ બે વર્ષે આ સન્માન એનાયત કરવામાં આવે છે.

આ વર્ષથી 'સ્વ. ધરમશીદાદા મોરડિયા જ્ઞાનગુરુ સન્માન'નો ઉમેરો કરીને "અંજુ-નરશી પારિતોષિક કમિટી" એ કલાને પોષનારા આ સત્કર્મને વધું વિસ્તૃત બનાવીને પોતાની કલાખેવના પ્રગટ કરી છે. 'અક્ષર એજ્યુકશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, બોટાદ' તથા 'બાલવિચાર પરિવાર' અને 'અંજુ-નરશી પારિતોષિક કમિટી' આ સન્માન પૂર્ણ તટસ્થતા સાથે, કોઈપણ પ્રકારનું આર્થિક દાન સ્વિકાર્યા વિના એનાયત કરે છે. એ આ સન્માનની વિશેષતા છે.

આ વર્ષનો "અંજુ-નરશી લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ" નટવર પટેલને એમની બાળસાહિત્યની સુદીર્ઘ સેવાઓ માટે એનાયત કરવામાં આવશે. "અંજુ-નરશી એવોર્ડ ( શોધ-સંશોધન વિભાગ ) મેર પ્રજાના ઈતિહાસના સંશોધન અને લેખન માટે પ્રસિદ્ધ લેખક - સંશોધક ભરત બાપોદરાને અપાશે. શિક્ષણસેવા માટેનો "નાનુદાદા વીડિયા શિક્ષણસેવા એવોર્ડ" શિક્ષક રસિકભાઈ અમીનને તો સમાજસેવા માટેનો "જામભા ઝાલા સમાજસેવા એવોર્ડ" પોઝિટિવ સ્ટોરીઝના સર્જક રમેશ તન્નાને એનાયત કરવામાં આવશે.

લોકસાહિત્યની માર્મિક વાતો થકી સામાજિક જાગૃતિ લાવવા માટે કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસ માટે "અંજુ-નરશી લોકસાહિત્ય સન્માન" જાદવબાપા મોજડી (જાદવબાપા ધામેલિયા) ને મરણોત્તર એનાયત કરવામાં આવશે.

"અંજુ-નરશી બાળસાહિત્ય ગુર્જર વૈભવ સન્માન" શ્રીગિરીમાં ઘારેખાનને અપાશે. બાળસાહિત્યની એમની સેવાઓ માટે આપવામાં આવશે. "અંજુ-નરશી પર્યાવરણ સેવા સન્માન" વિજયભાઈ ડોબરિયા(સદભાવના વૃદ્ધાશ્રમ)ને એમની અમૂલ્ય પર્યાવરણ સેવા માટે અપાશે. "અંજુ-નરશી સાહિત્યભાવક સન્માન" ઉકાભાઈ વઘાસિયાને તથા "અંજુ નરશી બાળવીરતા પુરસ્કાર" દક્ષ કુંજડિયાને ટી.આર.પી. અગ્નિકાંડમાં અદમ્ય સાહસ અને સમજદારી દાખવી ૧૩ કરતા વધું લોકોને બચાવવા દાખવેલી હિંમત માટે આપવામાં આવશે. "અંજુ નરશી બાળ પ્રતિભા સન્માન" શાબ્દિ દોશીને બાળ ઉંમરે બે હજાર જેટલાં બાળગીતો ગાવા માટે આપવામાં આવશે.

"અંજુ નરશી ભાષાસંવર્ધક સન્માન" ઉમાકાન્ત રાજ્યગુરુને એમની ગુજરાતી ભાષાની ઉત્કૃષ્ટ સેવાઓ માટે આપવામાં આવશે. "અંજુ-નરશી બાળસાહિત્ય સંશોધક સન્માન ડૉ. પૂર્ણિમા પંડ્યાને એનાયત થશે તો ધરમશીદાદા મોરડિયા જ્ઞાનગુરુ સન્માન હસમુખ પંચાલને એનાયત થશે.

અંજુ-નરશી પારિતોષિક-પ્રથમ પુરસ્કાર (સંયુક્ત રૂપે) અનુક્રમે હુંદરાજ બલવાણી, હેતલ મહેતા, મહેશ 'સ્પર્શ', પારુલ બારોટ, હસમુખ ટાંક, કીર્તિદા બ્રહ્મભટ્ટને અપાશે. અંજુ-નરશી વિશિષ્ટ સન્માન આબિદ ભટ્ટ, વિજય સેવક, બિરેન પટેલ, નયના સુથાર, રિયાઝ દામાણી, ધાર્મિક પરમાર, જાગૃતિ રાજ્યગુરુ, માધવી આશરા, પ્રકાશ કુબાવત, હસમુખ બોરાણિયા, વાસુદેવ સોઢા, દુર્ગેશ ઓઝા, અર્જુનસિંહ કે. રાઉલજી, જૈનેશ પટેલને અપાશે.

**કુલ 33 જેટલા મહાનુભાવોને "અંજુ - નરશી શ્રેણીના વિવિધ સન્માનો અપાશે**

# ગુજરાતમાં શિયાળાનું આગમન, અમરેલીમાં પણ ૧૬.૬ ડિગ્રી સાથે ગુલાબી ઠંડીનો અનુભવ



(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૮

આ સિઝનમાં અમદાવાદમાં પ્રથમ વખત ૧૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે, જ્યારે નલિયામાં સૌથી ઓછું ૧૬.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે અને રાજ્યભરમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યમાંથી હવે કમોસમી વરસાદ વિદાય લઈ રહ્યો છે, અને શિયાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે. છેલ્લા ચાર દિવસથી રાજ્યમાં હવામાન બદલાયું છે, અને ઠંડી ધીમે ધીમે પોતાની હાજરી દર્શાવવા લાગી છે. રાત્રિ અને સવારના સમયે ઠંડી ખાસ કરીને નોંધપાત્ર રીતે લાગી રહી છે.

આપને જણાવી દઈએ ગુજરાતમાં તાપમાન, ગાંધીનગરમાં ૧૬.૫ ડિગ્રી, ડીસામાં ૧૬.૩ ડિગ્રી, વડોદરામાં ૧૬.૬ ડિગ્રી, અમરેલીમાં ૧૬.૬ ડિગ્રી, કંડલામાં ૧૭ ડિગ્રી, મહુવામાં ૧૮.૧ ડિગ્રી, રાજકોટમાં ૧૮.૫ ડિગ્રી, ભુજમાં ૧૮.૮ ડિગ્રી, સુરતમાં ૧૯.૮ ડિગ્રી, દમણમાં ૨૦ ડિગ્રી, પોરબંદરમાં ૧૯.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૯ ડિગ્રી, દીવમાં ૨૦.૮ ડિગ્રી અને કેશોદમાં ૨૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ત્યારે હવામાન વિભાગે આજ રાતથી રાજ્યમાં ઠંડીમાં વધારો થવાની આગાહી કરી છે.

## પૂર્વ ડેપ્યુટી પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને જન્મદિનની પીએમ મોદીએ શભકામના પાઠવી



નવીદિલ્હી,તા.૮

ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીનો જન્મદિવસ છે. પીએમ મોદીએ પણ લાલકૃષ્ણ અડવાણીને તેમના જન્મદિવસ પર અભિનંદન પાઠવ્યા છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ દ્વારા અડવાણીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, લાલ કૃષ્ણ અડવાણીજીને તેમના જન્મદિવસ પર હાર્દિક શુભેચ્છાઓ.

## એનડીએ બિહારમાં ૧૬૦ થી વધુ બેઠકો જીતીને સરકાર બનાવશે : અમિત શાહ

(એચ.એસ.એલ),પટણા,તા.૮

ગૃહમંત્રી અમિત શાહે મહાગઠબંધન પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે રાજ્યના અડધા ભાગ પહેલાથી જ કોંગ્રેસ-આરજેડી ગઠબંધનને નકારી ચૂક્યા છે. એનડીએ બિહારમાં ૧૬૦ થી વધુ બેઠકો જીતીને સરકાર બનાવશે. રાહુલ ગાંધી અને લાલુ પ્રસાદના પુત્ર તેજસ્વી યાદવે તાજેતરમાં ઘૂસણખોરો વિરોધી સંરક્ષણ અભિયાન શરૂ કર્યું હતું.

# દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો વિજય

દીવ,તા.૦૮

દમણ, દીવ અને દાદરા અને નગર હવેલીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં, ભાજપે ક્લીન સ્વીપ કરી જીત મેળવી છે.

તમામ મુખ્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રચંડ બહુમતી મેળવી છે. ભાજપે દમણ જિલ્લા પંચાયતમાં ૧૬ માંથી ૧૫ બેઠકો, નગર પરિષદમાં ૧૫ માંથી ૧૪ બેઠકો અને ૧૬ માંથી ૧૫ સરપંચ પદો પર જીત મેળવી. દીવ જિલ્લામાં, ભાજપે ભવ્ય વિજય મેળવ્યો, બધી આઠ જિલ્લા પંચાયત બેઠકો જીતી. દાદરા અને નગર હવેલી જિલ્લામાં, પાર્ટીએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું, ૨૬ જિલ્લા પંચાયત બેઠકોમાંથી ૨૪ બેઠકો અને બધી ૧૫ નગર પરિષદ બેઠકો જીતી હતી.સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે મેળવેલી જીત સામે, કોંગ્રેસે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશોમાં અન્યાયી જીતનો આરોપ લગાવ્યો હતો. ખરેખર, ભાજપે કોઈપણ વિરોધ વિના ૧૨૨ બેઠકોમાંથી ૯૧ બેઠકો, અથવા લગભગ ૭૫% બેઠકો જીતી હતી. આ પાછળનું કારણ એ હતું કે આ બેઠકો પર ભાજપ સામે કોઈ ઉમેદવાર લડી રહ્યા ન હતા.

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે કોંગ્રેસના ઉમેદવારોના નામાંકન ફોર્મ રદ થવાને કારણે આવું થયું છે. કોંગ્રેસે બોમ્બે હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી છે, જેમાં ભાજપ પર ઉમેદવારી ફોર્મ નકારવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

# રાજ્ય સરકારે જાહેર કરેલા કૃષિ પેકેજને લઈ કિસાન સંઘમાં નારાજગી સાથે રોષ

ગાંધીનગર,તા.૦૮

ગુજરાત સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજથી ભારતીય કિસાન સંઘ પણ નારાજ છે. રાજ્ય સરકારના કૃષિ પેકેજ ઉપર ભારતીય કિસાન સંઘ પ્રદેશ મહામંત્રી આર.કે. પટેલે જણાવ્યું કે, સરકારે કયા માપદંડના આધારે ગણતરી કરી તે સમજાતું નથી. નુકસાની ખરેખર જેને થઈ છે, તેની સામે સરકારની રકમ કંઈ જ નથી. આગામી સમયમાં ખેડૂતો આક્રોશિત થશે તો કિસાન સંઘ તેમાં જોડાશે. સરકારે કોઈ માપદંડ જાહેર કર્યા વગર જ રાહત પેકેજ જાહેર કરી દીધું છે. તેમણે આગળ કહ્યું કે, ખેડૂતોના માસ સમૂહમાં મદદ કરી છે તે આવકારદાયક છે. સરકારે રાહત પેકેજ અંગે પુનઃ વિચારણા કરવાની જરૂરું છે. ૧૦૦ ટકા નુકસાની અને ૨૫ ટકા નુકસાની બંનેને સરખું વળતર કેમ હોઈ શકે. ૧૦,૦૦૦ કરોડના ઐતિહાસિક પેકેજની વાતો સરકાર કરતી હોય તો, ખેડૂતોના ભાગે શું આપ્યું એ મોટો પ્રશ્ન છે. ખેડૂતોને થતા ખર્ચાની વાત કરીએ તો, વીઘા દીઠ ૧૮૦૦૦ થી ૨૮૦૦૦ જેટલો ખર્ચ છે. આ જે પ્રકારનું ખેડૂતોને નુકસાન થયું છે તે ખર્ચ પહેલા નુકસાનને બહાર કાઢવાનું પણ નથી. કિસાન સંઘે કહ્યું કે, સમાજને ખરેખર નુકસાન થયું છે એના માટે કશું નથી. સમાજના શ્રેષ્ઠિઓ, સમાજના ઉદ્યોગપતિઓએ આગળ આવવું જોઈએ. સરકારે પોતાની મર્યાદા બતાવી દીધી કે બે હેકટર પૈસા આપી શકીશું. સમાજે હવે આગળ આવવું પડશે. ખેડૂતોમાં સરકારના પેકેજથી અસંતોષ છે. ખેડૂતોમાં આક્રોશ છે. જો ખેડૂતો આગળ આવશે તો ભારતીય કિસાન સંઘ પણ ખેડૂતોના પડખે રહેશે.

# એસ.ટી. બસમાં ભૂલાયેલ મોબાઈલ મુસાફરને પરત કરી ઈમાનદારી દર્શાવી



કોડીનાર, તા.૦૮

રાજકોટથી કોડીનાર જતી એસ.ટી. બસમાં મેંદરડા ખાતે બેઠેલા એક મુસાફર મોબાઈલ ફોન બસમાં ભૂલી ગયા હતા. મુસાફરે ઉતરી ગયા બાદ ફરજ પરના કંડકટર માનસિંગભાઈ ભેડા તથા ડ્રાઈવરને આ બાબતની જાણ થતાં તેમણે તાત્કાલિક મોબાઈલ પોતાના કબજામાં રાખી એસ.ટી. વિભાગને માહિતી આપી હતી. ત્યારબાદ ફરજ પરના ટ્રાફિક કન્ટ્રોલરની હાજરીમાં મોબાઈલના માલિકની ખરાઈ કરી તેને પરત સોંપવામાં આવ્યો હતો.

**રાજકોટ–કોડીનાર રૂટના કંડકટર માનસિંગભાઈ ભેડા તથા ડ્રાઈવરની પ્રશંસનીય કામગીરી**

# અમરેલીમાં કોંગ્રેસનો ખેડૂત બચાવો સત્યાગ્રહ - દેવા માફીની માંગ સાથે ધરણા

**કમોસમી વરસાદથી નુકસાન પામેલા ખેડૂતોને રાહત માટે રાજ્ય સરકાર સામે કોંગ્રેસનો આક્રોશ**





અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના કારણે ખેતીપાકોને થયેલા ભારે નુકસાનને પગલે ખેડૂતોના દેવા માફ કરવાની માંગ સાથે અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા શનિવારે રાજકમલ ચોક ખાતે ધરણા યોજાયા હતા. આ કાર્યક્રમમાં પાલભાઈ આંબલીયાની કિસાન સંઘર્ષ યાત્રા પણ જોડાઈ હતી. રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ, લલિત વસોયા, પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાત સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસે રાજ્ય સરકારના રાહત પેકેજને અપૂરતું ગણાવી ખેડૂતોના દેવા માફ કરવાની જોરદાર માંગ ઉઠાવી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટર સાથે ધરણા સ્થળે પહોંચ્યા હતા અને રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આંદોલન "ખેડૂત બચાવો સત્યાગ્રહ"ના છઠ્ઠા દિવસે યોજાયું હતું.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી. નંબર ૨૪૬/૨૫

અરજદાર શ્રી :- શ્રી દલ દિનમહમદભાઈ દોસ્તમહમદભાઈ
સરનામું :- મુ. સાવરકુંડલા તા. સાવરકુંડલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા રાજુલા
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા મુકામેના શ્રી દલ દિનમહમદભાઈ દોસ્તમહમદભાઈ એ તેમના પુત્ર નામે શ્રી દલ અશરફભાઈ દિનમહમદભાઈ નો જન્મ તા.૧૦/૦૫/૧૯૭૭ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર. જોશી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૩૦ માહે. ઓકટો સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા


# ઓસ્ટ્રેલિયા સામેની પાંચમી ટી-૨૦ વરસાદને કારણે રદ થઈ : ભારતે ૨-૧ થી શ્રેણી જીતી



બ્રિસબેન,તા.૦૮

ભારતે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરઆંગણે T૨૦ સિરીઝમાં ૨-૧થી હરાવ્યું છે. પાંચ મેચની T૨૦ સિરીઝની પાંચમી અને છેલ્લી મેચ પણ વરસાદને કારણે રદ્દ થઈ હતી. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિચેલ માર્શે બ્રિસ્બેનના ગાબા ખાતે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. હવામાન બગડ્યું ત્યારે ભારતે ૪.૫ ઓવરમાં વિના વિકેટે માત્ર ૫૨ રન બનાવ્યા હતા અને રમત અટકાવી દેવામાં આવી હતી.

ઓપનર અભિષેક શર્મા ૨૩ અને શુભમન ગિલ ૨૯ રન બનાવીને અણનમ રહ્યા હતા. વીજળી પડવાને કારણે આગળની બેઠકો ખાલી કરવી પડી હતી. થોડા સમય પછી વરસાદ પણ શરૂ થયો હતો. લગભગ બે કલાક વરસાદ પડ્યા પછી મેચ રદ કરવામાં આવી હતી. આ સિરીઝની પહેલી મેચ પણ વરસાદના કારણે ધોવાઈ હતી. તો બીજી મેચ ઓસ્ટ્રેલિયાએ જીતી હતી. ત્રીજી અને ચોથી ભારતે જીતી હતી.

આ સાથે જ ભારતીય ટીમે ૨-૧થી સિરીઝ કબજે કરી. ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયામાં ક્યારેય T૨૦ સિરીઝ હાર્યું નથી. આ રેકોર્ડ હજુ પણ કાયમ જ રહ્યો છે.


**-:: જાહેર નોટીસ ::-**

**લાઠીના મહે. શ્રી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું. લાઠી**

જન્મ / મરણ.પ.અ.નં. ૧૨૪/૨૦૨૫

અરજદાર તર્ફે એડવોકેટ એચ. કે. કોટડીયા રહે. લાઠી
અરજદાર :- ઝાપડીયા શાર્દુલભાઈ નરશીભાઈ
રહે.ટોડા, તા.લાઠી, જી. અમરેલી

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
ટોડા ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ટોડા ગામના રહીશ ઝાપડીયા શાર્દુલભાઈ નરશીભાઈ તેમના પુત્રી ઝાપડીયા ધ્રુવી શાર્દુલભાઈનો જન્મ ટોડા મુકામે તારીખ ૦૧ / ૦૯ / ૨૦૧૧ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના પુત્રી ધ્રુવીની જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી ઝાપડીયા શાર્દુલભાઈ નરશીભાઈ તેમના પુત્રી ધ્રુવીની જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૨૦૧૧ માં થયેલ નથી. હાલ સરકારી કામકાજના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૩ / ૧૧ / ૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુ :- લાઠી
તારીખ :- ૦૮/૧૧/૨૦૨૫

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# ગાંધીનગરના બોરીસણા ગામના યુવાને બે દીકરીઓ સાથે કેનાલમાં પડી આપઘાત કર્યો

ગાંધીનગર,તા.૦૮



ગાંધીનગર જિલ્લામાં બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારી ૭ નવેમ્બરે સવારે પોતાની બે દીકરીનાં આધારકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા. તેઓ મોડી સાંજ સુધી ઘરે પરત નહીં ફરતાં પરિવારજનોએ ગઈકાલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં બે દીકરી સાથે ધીરજભાઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. એના પગલે પોલીસની અલગ અલગ ટીમોએ ધીરજભાઈની તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં ધીરજ રબારીનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળ્યો હતો. અગાઉ શનિવારે સવારે પિયજ કેનાલમાંથી બંને દીકરી જહાન્વી અને જીયાના મૃતદેહ કલોલ તાલુકા પોલીસ મથકની હદ વિસ્તારની મુખ્ય કેનાલમાંથી મળી આવતાં રબારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. કલોલ રેફરલ હોસ્પિટલમાં બંને બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાયું હતું. પ્રાથમિક વિગતો મુજબ ધીરજભાઈ સુખી સંપન્ન પરિવાર ધરાવે છે, જેમને કલોલના વડસર ઉપરાંત અન્ય બે સ્થળે પેટ્રોલ પંપ હોવાનું પણ સામે આવ્યું છે.

# સાવરકુંડલાના ખાતા સહિત ગુજરાતમાંથી પાકિસ્તાનના એકાઉન્ટમાં ૧૦ કરોડ ટ્રાન્સફર થયા હોવાનો ખુલાસો

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને સમગ્ર મામલે માહિતી આપી**

ગાંધીનગર,તા.૦૮

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સને મોટી સફળતા મળી છે. ગુજરાતમાંથી પાકિસ્તાન કનેક્શન ધરાવતી સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. ગુજરાતમાંથી પાકિસ્તાનના એકાઉન્ટમાં ૧૦ કરોડ ટ્રાન્સફર થયા હતા. અત્યાર સુધી ૨૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનો પર્દાફાશ થયો હતો. સાયબર ક્રાઈમની ૧૦૦ મ્યુલ એકાઉન્ટ તપાસમાં વિગત સામે આવી ચૂકી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને સમગ્ર મામલે માહિતી આપી હતી. ૩૮૬ સાયબર ક્રાઈમની ફરિયાદોમાં ગુજરાતના ૧૦૦ ખાતાનો ઉપયોગ થયો હતો. મોરબી, સુરેન્દ્રનગર, સુરત અને સાવરકુંડલાના ખાતાનો ઉપયોગ થયો હતો. સમગ્ર મામલે ટીમ તપાસ કરી રહી છે. સાયબર ક્રાઈમમાં ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સને મોટી સફળતા મળી હતી. પાકિસ્તાન કનેક્શન ધરાવતી સિંડિકેટનો પર્દાફાશ કરવામાં મોટી સફળતા મળી છે. પાકિસ્તાનના એકાઉન્ટમાં ૧૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હતા. અત્યાર સુધી પાકિસ્તાનના આ એકાઉન્ટમાં રૂપિયા ૨૫ કરોડ ટ્રાન્સફર થયા હોવાની વિગતો સામે આવી છે. સમગ્ર મામલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને માહિતી આપી હતી. ૩૮૬ સાયબર ક્રાઈમની ફરિયાદોમાં ગુજરાતના ૧૦૦ ખાતાનો ઉપયોગ થયો હતો. મોરબી, સુરેન્દ્રનગર, સુરત અને સાવરકુંડલાના ખાતાઓનો ઉપયોગ થયો હતો.

# સાણંદના મોરૈયા ગામમાં ભાડે રહેતા યુવકની તિક્ષ્ણ હથિયાર વડે નિર્મમ હત્યા

અમદાવાદ,તા.૦૮

સાણંદ તાલુકાના મોરૈયા ગામના મંગલમ શોપિંગ સેન્ટરમાં એક યુવાનની પેટ અને કમરમાં તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. ચાંગોદર પોલીસને ઘટનાની માહિતી મળતા જ, ડીએસપી સહિત પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી. માહિતી અનુસાર, અમરનાથ ધીસાભાઈ નાઈ તેમના ભત્રીજા અશોક કુમાર ચેદી લાલ શર્મા સાથે રહેતા હતા અને લલિત હેર કટિંગ સલૂન નામની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ૬ તારીખે રાત્રે ૮ વાગ્યે, તેઓ તેમની દુકાન છોડીને તેમના ભત્રીજાને કેસર સિટી જવાનું કહ્યું. ત્યારબાદ, તેમના ભત્રીજા અશોક કુમારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ દુકાન બંધ કરી અને તેમના રૂમમાં ગયા. જ્યારે તેમના કાકા અમરનાથ પાછા ન ફર્યા, તેથી તપાસ કરવામાં આવી, ત્યારે અમરનાથનો મૃતદેહ લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યો અને તેમના પેટ અને ગળામાં છરાના ઘા મારવામાં આવ્યા હતા.

# પ્રિ-વેડિંગ ફોટોશૂટ બન્યું દુ:ખદ : વેરાવળ આદ્રી બીચ પર તણાયા બાદ ૬ને બચાવી લેવાયા, એક યુવતી લાપતા

વેરાવળ, તા.૦૮



વેરાવળ નજીક આવેલા આદ્રી બીચ પર શનિવારે બપોરે એક ગમખ્વાર દુર્ઘટના બની છે. પ્રિ-વેડિંગ ફોટોશૂટ માટે આવેલા વર-વધૂ સહિત ૭ લોકો દરિયાની તેજ લહેરોમાં તણાઈ ગયા હતા. તાત્કાલિક રાહત અને બચાવ કામગીરીના કારણે ૬ લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે, પરંતુ એક યુવતી હજુ પણ લાપતા છે, જેની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ, વેરાવળ નજીકના વિસ્તારમાંથી આ ૪ યુવતીઓ અને ૨ યુવક તથા એક ફોટોગ્રાફર યુવક એમ કુલ ૭ લોકો ફોટોશૂટ માટે બીચ પર આવ્યા હતા. આમાં વર-વધૂ સાથે ૩ યુવતી, એક ફોટોગ્રાફર અને ફોટોગ્રાફરનો હેલ્પર યુવક આ લોકો હતા. ફોટોશૂટ ચાલી રહ્યું હતું તે દરમિયાન અચાનક સમુદ્રમાં ઊંચી લહેરો ઉછળી અને તમામ ૭ લોકોને પોતાની સાથે ખેંચી ગઈ હતી. આ અણધારી ઘટનાને પગલે આસપાસના લોકો અને પ્રવાસીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

# રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦-૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

ગાંધીનગર,તા.૦૮




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-૧૦ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી યોજાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ સુધી યોજાશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા ૧૦ દિવસ વહેલા શરૂ થશે.

**ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા ૧૦ દિવસ વહેલા શરૂ થશે**

# સસ્તા અનાજ સંચાલકો દ્વારા ફરી આંદોલનનો હૂંકાર

ગાંધીનગર,તા.૦૮

રાજ્યની સસ્તા અનાજની દુકાનના સંચાલકોના બે એસોસિએશન દ્વારા સરકાર પર ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. દુકાનદારોએ જણાવ્યું છે કે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પુરવઠામંત્રી, રાજ્ય કક્ષાના બન્ને મંત્રી, અગ્ર સચિવ, નિયામક અને અન્ય ટોચના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં કરાયેલી મહત્ત્વપૂર્ણ સમજૂતીનો ભંગ કરીને ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ નવી શરતો સાથેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો, જેમાં થયેલી ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરવામાં ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. સસ્તા અનાજની દુકાનના સંચાલકો સાથે સરકારે કરેલી છેતરપિંડીના વિરોધમાં પ્રહલાદ મોદીએ ફરી એકવાર આંદોલનનો હુંકાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે તાત્કાલિક નવો પરિપત્ર પાછો ખેંચવો પડશે, નહીં તો દુકાનદારોને આંદોલન કરવાની ફરજ પડશે. તેમનું કહેવું છે કે દુકાનદારો સાથે ૪ નવેમ્બરના રોજ સમજૂતી થઈ હોવા છતાં સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડીને વિશ્વાસઘાત કર્યો છે.


